*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**


# આત્મધર્મ

અંક નં. ૩૯૧



- ૮૭ મી વૈશાખ સુદ બીજની મંગલ સુપ્રભાતે -

સમ્યગ્જ્ઞાનરૂપી બીજ વડે સોળે કળાએ ખીલેલા ચંદ્રમા સમાન નિજ પરિપૂર્ણ તત્ત્વના સમ્યક્ અનુભવપથદર્શક પૂજ્ય ગુરુદેવ હજારો દર્શાનાભિલાષીઓને વહેલી સવારે દર્શન દેવા મંડપમાં પધારી રહ્યા છે.



પૂજ્ય ગુરુદેવની ૮૭ મી જન્મ-જયંતી પ્રસંગે તેઓશ્રીને અભિવાદન કરી રહેલાં શ્રી દિગંબર જૈન સમાજના અગ્રગણ્ય નેતા શેઠ શ્રી શાહૂ શાંતિપ્રસાદજી જૈન

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૩
અંક ૭

વીર સં. ૨૫૦૨
: વૈશાખ:
A. D. 1976
MAY.

# મોક્ષ પામવાની કળા

**આત્માને સાધ્યની સિધ્ધિ એટલે કે મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય? – કે મોક્ષાર્થીએ પ્રથમમાં પૂર્ણાનંદના નાથ નિજ ભગવાન આત્માને જાણવો, સ્વસંવેદન પૂર્વક ‘જાણનાર’ ને જાણવો. પુણ્યનો પ્રેમ છોડીને, મોક્ષ નામ પૂર્ણાનંદના લાભનો અર્થી બનીને સૌપ્રથમ ‘જ્ઞ’– સ્વભાવી જ્ઞાયકતત્ત્વને જાણવું. એ રીતે આત્માને જાણીને, જાણેલા આત્માની શ્રદ્ધા વડે આત્મામાં ઠરવું. – તે એક જ સાધ્યનો–આત્માની સિધ્ધિનો માર્ગ છે, અન્ય કોઈ ઉપાયે સિધ્ધિ થતી નથી.**

[ તા. ૨૭–૧–૭૬ તથા તા. ૨૮–૧–૭૬ ના પ્રવચનમાંથી ]

સમયસારની ગાથા ૧૭–૧૮ દ્વારા આચાર્યદેવ સાધ્ય આત્માની સિધ્ધિનો ઉપાય દૃષ્ટાંતથી સમજાવે છે.

જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન–અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.
જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.

જેમ કોઈ ધનનો અર્થી પુરુષ પ્રથમ તો જાણે કે આ રાજા છે, પુણ્યવંત છે,

ઘણી આવક–ઊપજ છે. તે રાજા જ છે એમ પ્રથમ જાણે, પછી તેનું શ્રદ્ધાન કરે. જાણ્યા વિના શ્રદ્ધાન કોનું કરે? માટે તે પ્રથમ તો એમ જાણે છે કે આ રાજા જ છે. ત્યાર બાદ તેનું શ્રદ્ધાન કરે કે આ અવશ્ય રાજા જ છે ને તેનું સેવન કરવાથી જરૂર ધનની પ્રાપ્તિ થશે. એ રીતે પ્રથમ રાજાને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને ધન–અર્થી પુરુષ તે રાજાનું પ્રયત્નપૂર્વક અનુચરણ નામ સેવા કરે છે, તેની આજ્ઞામાં રહે છે.

તેવી રીતે મોક્ષાર્થીએ એટલે કે જીવને મોક્ષનું જ પ્રયોજન છે એવા મોક્ષાર્થીએ સૌપ્રથમ આત્માને જાણવો. હજુ જેને રાગની રુચિ પડી છે, અરે! પૈસાનો જ પ્રેમ વર્તે છે ને પૈસા વધુ ને વધુ પ્રાપ્ત કરવામાં વ્યતીત થતાં કાળની પણ જેને ખટક નથી તેવા જીવને તો અહીં આચાર્યદેવે સંબોધન પણ નથી કર્યું. અહીં તો સિધ્ધિનો ઉપાય સમજાવતાં શરત રજુ કરી છે કે તારે મોક્ષાર્થી બનવું પડશે. બીજુ કાંઈ પણ પ્રયોજન તારે ન હોવું જોઈએ, એક માત્ર મોક્ષનું પ્રયોજન હોવું જોઈએ.

મોક્ષ એટલે મહાઆનંદના લાભની સાક્ષાત્ પ્રાપ્તિ. એવો મોક્ષ જેનું પ્રયોજન છે એવા મોક્ષાર્થી જીવે સૌ પ્રથમ આત્માને જાણવો, જાણનાર એવા ‘જ્ઞ’સ્વભાવી આત્માને સ્વસંવેદન પૂર્વક જાણવો; કારણ કે જ્યાં સુધી આત્માને જાણ્યો નથી ત્યાં સુધી આત્માનું શ્રદ્ધાન કેવી રીતે કરશે?

સૌ પ્રથમ તો જ્ઞાનસ્વરૂપી જ્ઞાતાને જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને જ્ઞાતાનું જ્ઞાન કરવું. જ્ઞાનની એક સમયની પર્યાયમાં આખો ત્રિકાળી જ્ઞાતા આવી જતો નથી પણ જ્ઞાતાનું જ્ઞાન જ્ઞાનપર્યાયમાં આવે છે. માટે મોક્ષાર્થીએ પ્રથમ જ્ઞાતાને જ્ઞાનમાં જ્ઞેય બનાવીને જાણવો.

મોક્ષાર્થીએ જેનો પર્યાયમાં મોક્ષ કરવો છે ને જે વસ્તુસ્વભાવે મોક્ષસ્વરૂપ જ છે તેને –આત્માને જાણવો, પછી આત્માની શ્રદ્ધા કરવી. અતીન્દ્રિય પરમ આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ આ આત્મા છે, એમ આત્માનું શ્રદ્ધાન કરવું. પ્રથમ જ્ઞાનમાં જે જણાયો એવા જ આત્માનું શ્રદ્ધાન કરવું કે આ જ આત્મા છે તેનું જ આચરણ કરવાથી સર્વ કર્મોથી છૂટી શકાશે–પરમાનંદ દશા પ્રાપ્ત થશે. એ સિવાય બાહ્ય ક્રિયાકાંડથી કે પંચમહાવ્રતાદિથી કે એકલા શાસ્ત્રઅભ્યાસથી કર્મોથી છૂટી શકાતું નથી; પણ આત્મામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ અનુષ્ઠાન કરવાથી જ, અભેદ આત્મામાં કરવાથી જ મોક્ષ થઈ શકે છે. –એમ શ્રદ્ધાન કરવું.

એ રીતે આત્માને જાણીને, તેની શ્રદ્ધા કરીને ત્યાર પછી તેમાં જ ઠરવું, એક આત્મામાં જ રમણ કરવું, આત્મામાં લીન થવું. અતીન્દ્રિયસ્વરૂપ ભગવાન આત્મામાં લીન થવાથી સાધ્ય એવા મહા આનંદરૂપ મોક્ષની–આત્માની સિધ્ધિની પ્રાપ્તિ થાય છે, મોક્ષરૂપ પ્રયોજન સિધ્ધિ થાય છે.

એ જ વાત વિશેષ રીતે સમજાવે છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પર્યાયમાં રાગનું, પરનું જે જાણવું થાય છે તે ‘જાણનાર’નું જ જાણવું થાય છે. પરંતુ અજ્ઞાની જીવ અનાદિ બંધને સ્વયં વશ થઈને, રાગને જાણવાના કાળે જ્ઞાનને નહીં જાણતાં, જ્ઞાનમાં જે જણાય છે એવા રાગ ને વિકલ્પ સાથે જ એકતાબુદ્ધિ કરે છે. રાગને જાણવાના કાળે જાણનાર જ્ઞાયક છે તે જ જણાય છે, કારણકે રાગ તો અચેતન છે, જ્ઞાનનું જ્ઞેય છે, તેનામાં જ્ઞાનનો અંશ નથી; તોપણ અજ્ઞાની જીવ સ્વતંત્રપણે અનાદિ બંધને વશ થઈને રાગ, વિકલ્પ ને પરદ્રવ્યો સાથે એકતાબુદ્ધિ કરતો હોવાથી, આ અનુભૂતિ તે જ હું છું–એવું આત્મજ્ઞાન તેને ઉદય થતું નથી.

એ રીતે આત્મજ્ઞાનના ઉદય વિના આત્માની સાચી શ્રદ્ધા ઉદય પામતી નથી, કારણકે નહીં જાણેલાની શ્રદ્ધા, ગધેડાનાં શીંગડાંની શ્રદ્ધા સમાન હોવાથી અજ્ઞાનીને સાચું શ્રદ્ધાન પણ ઉદય પામતું નથી. આત્માનાં જ્ઞાન ને શ્રદ્ધાન વિના સમસ્ત અન્ય ભાવોના ભેદજ્ઞાનના અભાવને લીધે આત્મામાં નિઃશકપણે ઠરવું અશક્ય છે. આત્માના જ્ઞાન–શ્રદ્ધા વિના ઠરવાપણું બની શકતું નથી. તેથી આત્મામાં લીન થવા ચારિત્રનો પણ ઉદય થતો નથી.

તેથી મોક્ષસ્વરૂપ પૂર્ણાનંદ પરમતત્ત્વ કે જે એક માત્ર સાધ્ય છે તેની સિધ્ધિ જ્ઞાન શ્રદ્ધાન ને ચારિત્ર વિના થઈ શકતી નથી. માટે મોક્ષાર્થીએ સાધ્ય આત્માની સિધ્ધિની ઉપર કથિત વિધિ જાણીને મહા આનંદના લાભની–મોક્ષની પ્રાપ્તિ કરવી.

---

[ પાનું ૮ થી ચાલુ ]

નથી. દ્રવ્યસ્વભાવનો આવો નિર્ણય કરનારી પર્યાય પણ વસ્તુમાં નથી. નિર્ણય કરનારી પર્યાય એમ નિર્ણય કરે છે કે રાગ તો મારામાં નથી, પણ નિર્ણય કરનારી પર્યાય પણ મારામાં નથી, હું તો જ્ઞાયકભાવ એકરૂપ છું તે જ છું.

બંધ–મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું. આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે. પૂર્ણાનંદનો નાથ, રાગ ને વિકાર રહિત, મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાય રહિત, એક અખંડ જ્ઞાયકરસનો પિંડ ત્રિકાળી વસ્તુ તે જ હું છું–એમ સ્વ–વસ્તુની મહિમા પૂર્વક તેનો સ્વીકાર આવવો તે જ સમ્યક્–પુરુષાર્થ છે, સમ્યગ્દર્શન છે.

## દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું સેવનઃ વ્યવહાર; અભેદ એક જ્ઞાયકભાવનું સેવનઃ નિશ્ચય.

તા. ૨૪-૧-૭૬ ના પ્રવચનમાંથી

દર્શન, વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;
પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચય દૃષ્ટિમાં. ૧૬.

સાધુ પુરુષે નિશ્ચય સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર સદા સેવવા યોગ્ય છે. અર્થાત્ જે નિત્ય સમ્યક્ રત્નત્રયને આરાધે છે, સેવન કરે છે તે સાધુ છે. જે પંચમહાવ્રતાદિનું જ માત્ર સેવન કરે છે તે સાધુ છે એમ નથી કહ્યું; પણ નિશ્ચય રત્નત્રયને નિત્ય આરાધે છે તે સાધુ છે એમ કહ્યું છે.

ખરેખર તો અહીં, રત્નત્રયને સેવવાં તે વ્યવહારનું કથન છે એમ કહ્યું છે. સમ્યગ્ક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર-એમ ત્રણ ભેદ પડવાથી અનેકરૂપતા થાય છે. ત્રણેના સ્વભાવ ભિન્ન-ભિન્ન છે ને ભગવાન આત્મા તો અભેદ એકરૂપ છે. તેથી એકરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવમાં સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ત્રણ ભેદ પાડવા તે વ્યવહાર થયો, અને અભેદ એકસ્વરૂપી આત્માનું સેવન કરો-એ નિશ્ચયનું કથન થયું. એકરૂપ આત્માનું સેવન કરતાં તેમાં આવી જાય છે. છતાં સમ્યક્ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ ભેદરૂપ હોવાથી આશ્રય કરવા લાયક નથી. ત્રણના ભેદ પાડીને તેનું સેવન થતું નથી, પરંતુ વ્યવહારથી એમ કથન કરવામાં આવ્યું છે કે દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ મોક્ષમાર્ગનું સેવન કરો.

જુઓ, વ્યવહારની તો અહીં વાત જ લીધી નથી, કારણ કે તે કાંઈ શ્રદ્ધા, જ્ઞાન કે ચારિત્રગુણની નિર્મળ પર્યાય નથી પણ શુભરાગ જ માત્ર છે. તેથી રાગની વાત -વ્યવહાર રત્નત્રયની વાત જ લીધી નથી. અહીં તો નીરાગ વાસ્તવિક રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ-કે જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય છે, તેનું સેવન કરો - એવા કથનને પણ વ્યવહારનું કથન કહ્યું છે. કારણ કે ત્રિકાળી જ્ઞાયકભાવ તો એક સ્વરૂપે છે, અભેદ છે. તેને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કહેતાં અનેકપણું એટલે કે ભેદ ઊભો થાય છે, માટે તે વ્યવહાર થયો.

આ આત્મા પોતે જ સાધ્ય ને સાધકભાવે પરિણમે છે અર્થાત્ નિશ્ચય મોક્ષમાર્ગરૂપ અપૂર્ણદશા તે સાધકભાવ અને મોક્ષરૂપ પૂર્ણદશા તે સાધ્યભાવ-તે રૂપે આત્મા પોતે જ

પરિણમે છે, તેથી વ્યવહારથી એમ પ્રતિપાદન કરવામાં આવે છે કે સમ્યક્ દર્શન–જ્ઞાન–ચારિત્રને નિત્ય સેવો. તોપણ, પરમાર્થદ્રષ્ટિથી જોતાં દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણેય એક આત્મા જ છે; કારણ કે ત્રિકાળી જ્ઞાયકભાવ એકરૂપ રહ્યો છે, તેમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર–ના ભેદ નથી ને ભેદ પાડીને આત્માને દેખે છે ત્યાં સુધી એકાકાર આત્માનો અનુભવ થતો નથી.

બીજી રીતે કહીએ તો, દર્શન–જ્ઞાન–ચારિત્ર તે આત્માના સ્વભાવને ઉલંઘતા નથી તેથી તેઓ આત્મા જ છે, કાંઈ અન્ય વસ્તુ નથી. પરંતુ જ્યાં સુધી દર્શન જ્ઞાન ચારિત્રવાળો આત્મા–એમ ભેદદ્રષ્ટિથી આત્માનું સેવન કરવામાં આવે ત્યાં સુધી અભેદ એકરૂપ અખંડ જ્ઞાયકભાવની દ્રષ્ટિ થતી નથી, કારણ કે અભેદ વસ્તુના એવા ગુણભેદો નથી.

વળી મોક્ષમાર્ગ પોતે પર્યાય છે તથા તે ત્રણ ભિન્ન–ભિન્ન ગુણોની નિર્મળ પર્યાય હોવાથી ભિન્ન–ભિન્ન સ્વભાવી છે, તેથી મોક્ષમાર્ગ અનેક સ્વરૂપ છે, અનેકાકાર છે માટે તેનું સેવન કહેવું તે વ્યવહારનું કથન થયું. ભગવાન આત્મા તો અભેદ અખંડ એકાકાર હોવાથી તેનું સેવન કહેવું તે નિશ્ચયનું કથન થયું.

ખરેખર તો, એકાકાર અખંડ જ્ઞાયકભાવનું સેવન કરે ત્યારે જ મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે છે. તે પહેલાં મોક્ષમાર્ગની પર્યાય જ પ્રગટતી નથી, તો તેનું સેવન શી રીતે કરે ? અભેદ આત્માના સેવનથી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે છે તેથી વ્યવહારથી એમ ઉપદેશ કરવામાં આવે છે કે મોક્ષમાર્ગનું સેવન કરો. પરમાર્થદ્રષ્ટિથી જોતાં મોક્ષમાર્ગરૂપ પર્યાય પણ આશ્રય કરવા લાયક નથી. એક માત્ર અખંડ, અભેદ, એકસ્વભાવી આત્મા જ પરમાર્થે સેવવા યોગ્ય છે.

એ જ વાતની વિશેષ દ્રઢતા કળશ ૧૬, ૧૭ તથા ૧૮ માં કરાવી છે.

શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે તો એટલે કે જેનો વિષય શુદ્ધદ્રવ્ય છે એવી નયથી જોવામાં આવે તો આ આત્મા પ્રગટ જ્ઞાયકજ્યોતિ માત્ર હોવાથી એકસ્વરૂપ જ છે. વળી સર્વ વિભાવભાવોને દૂર કરવાનો તેનો સ્વભાવ છે તેથી તે અમેચક છે, શુદ્ધ એકાકાર છે ને તે જ આરાધ્ય છે. એકસ્વરૂપી આત્માને દર્શન–જ્ઞાન–ચારિત્ર એમ ત્રણ સ્વભાવવાળો કહેવો તે વ્યવહાર છે, અનેકાકારપણાને લીધે મેચક છે. એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે મેચકપણું છે, મલિનતા છે, અપવિત્રતા છે. ભગવાન આત્મા તો એકસ્વરૂપ હોવાથી અમેચક છે, પવિત્ર છે, તેને ત્રણરૂપ પરિણમતો કહેવો તે અસત્યાર્થ હોવાથી અનેકાકાર એવો તે મોક્ષમાર્ગ પણ આશ્રય કરવા લાયક નથી.

પરિણામદ્રષ્ટિથી દેખો તો દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ અનેકાકાર આત્મા છે ખરો. ખરેખર મોક્ષમાર્ગરૂપ પરિણતિ તે આત્માની જ છે, અન્ય નથી, તોપણ વસ્તુસ્વભાવથી દેખતાં આત્મા એકસ્વરૂપ હોવાથી તેને ત્રણરૂપે પરિણમતો કહેવો તે વ્યવહાર છે.

# ❀ મુક્તિ અર્થે શુદ્ધ આત્માને એકને જ સતત અનુભવો. ❀

શ્રી નિયમસારનો ૧૮ મી ગાથામાં અજ્ઞાનીનાં કર્તા–ભોક્તાપણાની મર્યાદા બતાવીને તેનું કર્તા–ભોક્તાપણું કેમ છૂટે? એ સમજાવ્યું છે; અને સંસારનો નિરોધ કઈ રીતે થાય? તથા મુક્તિ એક આત્માના અનુભવથી જ થાય છે, અન્ય કોઈ પ્રકારે થતી નથી; તે વાત છ શ્લોક દ્વારા સમજાવી છે.

(તા. ૨૬–૧–૭૬ થી તા. ૨૮–૧–૭૬ ના પ્રવચનમાંથી)

અશુદ્ધ નિશ્ચયનયથી અજ્ઞાની જીવ

ભાવકર્મનો કર્તા–ભોક્તા થાય છે તેનું આ કથન છે.

આત્મા કરે, વળી ભોગવે પુદ્‌ગલકરમ વ્યવહારથી;
ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.

જે જીવને સ્વ–સ્વભાવનું જ્ઞાન નથી એવો ભ્રાંતિવાળો અજ્ઞાની જીવ માત્ર પોતાના ભાવકર્મનો–શુભાશુભભાવરૂપ વિકારી પરિણામનો જ કર્તા છે. અજ્ઞાનદશામાં પણ શરીર, વાણી, સ્ત્રી, પુત્ર, વેપાર–ધંધાદિનો તો કર્તા નથી. ભ્રાંતિગતપણે પોતે તેનો કર્તા છે તેમ માને છે, તોપણ અજ્ઞાની શરીરાદિનું કાંઈ પણ કરી શકતો જ નથી.

અજ્ઞાની જીવને જ્યાં સુધી શુભભાવની મીઠાશ વર્તે છે, રુચિ પડી છે, તેના પર જ દ્રષ્ટિ પડી છે, ને શુભભાવથી રહિત તથા શુભભાવના કર્તાપણાથી રહિત એવા ત્રિકાળી સ્વ–સ્વભાવની દ્રષ્ટિ કરતો નથી, ત્યાં સુધી તે અશુદ્ધ નિશ્ચયનયથી રાગદ્વેષનો કર્તા થાય છે. રાગદ્વેષ પોતાની પર્યાયમાં થાય છે માટે અશુદ્ધ નિશ્ચયનયથી કર્તા કહ્યો છે. જ્યાં સુધી ત્રિકાળી જ્ઞાયકભાવની સન્મુખ થયો નથી ત્યાં સુધી અજ્ઞાનદશામાં વિકારનો કર્તા અજ્ઞાની જીવ પોતે જ છે. પોતે કર્તા થઈને વિકાર કરે છે, કર્મનો ઉદય તેને વિકાર કરાવે છે એમ નથી. અજ્ઞાનદશામાં ભાવકર્મનો કર્તા–ભોક્તા જીવ પોતે જ છે.

હવે, અજ્ઞાની જીવ ભાવકર્મનો કર્તા–ભોક્તા છે તેથી તેના નિમિત્તે બંધાતા નવા દ્રવ્યકર્મો કે જે આત્માના નિકટવર્તી છે તેનો કર્તા અજ્ઞાની અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવાય છે. પરદ્રવ્યોમાં આત્માથી સૌથી નજીક દ્રવ્યકર્મો છે, નોકર્મો આત્માથી દૂર છે. તેથી દ્રવ્યકર્મોને નિકટવર્તી કહ્યાં છે. અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્યકર્મનો કર્તા અજ્ઞાની થાય છે એનો અર્થ કે ભાવકર્મનો કર્તા અજ્ઞાની થાય છે ને તેના નિમિત્તે દ્રવ્યકર્મ બંધાય છે નજીકના છે માટે અનુપચરિત છે. ખરેખર કર્તા નથી માટે અસદ્‌ભૂત નામ અસત્યાર્થ છે. એ જ રીતે અજ્ઞાની જીવ ભાવકર્મનો કર્તા હોવાથી શરીરાદિનો કર્તા–ભોક્તા પણ અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવાય છે, અને મકાન, ઘટ–પટાદિનો કર્તા ઉપચારથી કહેવાય છે એટલે કે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કહેવાય છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવ વિકારના પરિણમનો કર્તા નથી, જાણનાર જ છે, કારણ કે ધર્મીની દ્રષ્ટિમાં રાગના પરિણામને તેનું કર્તાપણું એ બંનેનો જેમા અભાવ છે એવા એક અખંડ જ્ઞાયકભાવનો સ્વીકાર આવ્યો છે, તેથી ધર્મીજીવ તો વિકારનો–ભાવકર્મનો જ જ્ઞાતા જ છે.

હવે સંસારનો નિરોધ કેમ થાય તેની વિધિનું વર્ણન છ શ્લોક દ્વારા સમજાવવામાં આવે છે.

પ્રથમ તો સાચા ગુરુ કોને કહેવાય? કે જેના ઉપદેશમાં એમ આવે કે હે જીવ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ ભલે હો. પણ તે વિકારી પરિણામમાં તું નથી, એ પરિણામ તું નથી ને તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા–ભોક્તા પણ નથી. તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયકભાવ છો, તેની દ્રષ્ટિ કર. તેની દ્રષ્ટિ કરવાથી મુક્તિ પ્રાપ્ત થશે, અન્ય કોઈપણ પ્રકારે મુક્તિ થશે જ નહીં. આવો ઉપદેશ જેની દેશનામાં આવે તે સાચા ગુરુ કહેવાય.

વર્તમાનમાં પોતાની પરિણતિમાં સકળ રાગ–દ્વેષ–મોહ વર્તવા છતાં જે જીવ સાચા ગુરુ નો ઉપદેશ વિનયપૂર્વક પ્રથમ તો સાંભળે. સાચો ઉપદેશ સાંભળતી વખતે ગુરુ પ્રત્યે ભક્તિભાવ, અહોભાવ, હોય ત્યારે તો તે સાંભળવાને લાયક કહેવાય. એ રીતે સાચા ગુરુએ દર્શાવેલા ઉપદેશને અહોભાવથી સાંભળીને, દેશનામાં જે વસ્તુસ્વરૂપ આવ્યું તેનો અનુભવ કરે ત્યારે તે જીવ મુક્તિસુંદરીરૂપી કાંતાનો વલ્લભ થવાને પાત્ર થાય છે.

સવિકલ્પદશા વખતે જ હું દ્રવ્યસ્વભાવે નિર્વિકલ્પ સહજ પરમતત્ત્વ છું–એમ જેને પર્યાયમાં સ્વીકાર આવ્યો ત્યાં તે જીવને ભાવકર્મનું કર્તા–ભોક્તાપણું છૂટી ગયું ને તેનો માત્ર જ્ઞાતા રહી ગયો. એ રીતે ભાવકર્મનું કર્તા–ભોક્તાપણું છૂટી જતાં તે જીવને દ્રવ્યકર્મનો પણ નિરોધ થઈ જાય છે, ને દ્રવ્યકર્મ અટકી જતાં સંસારનો પણ નિરોધ થઈ જાય છે. એક અખંડ જ્ઞાયકસ્વભાવનો સ્વીકાર આવતાં સંસાર અટકી જાય છે.

પરમાત્મતત્ત્વના જ્ઞાન વિના ભ્રાંતિગતપણે જીવ શુભાશુભને કર્તા થયો થકો શુભભાવની રુચિ આડે મોક્ષમાર્ગને લેશમાત્ર વાંચ્છતો નથી–તેની ભાવના ભાવતો નથી એવા અજ્ઞાની જીવને આ લોકમાં કાંઈ પણ શરણ નથી. અજ્ઞાની જીવ લોકમાં અશરણપણે ભ્રમણ કર્યા કરે છે.

ધર્મી જીવને ભાવકર્મનું કર્તા–ભોક્તાપણું છૂટી ગયું હોવાથી તેના નિમિત્તથી મળતી કર્મજનિત સુખ સામગ્રીને પણ તે પરિહરેછે અને અતીન્દ્રિય આનંદમાં નિમગ્ન રહે છે. ધર્મી એમ જાણે છે કે અરે! અમારા આત્મસ્વભાવમાં વિભાવ અસત્ છે. ત્રિકાળી સ્વભાવમાં વિભાવ અસત્ છે. ત્રિકાળી સ્વભાવમાં વિભાવ છે જ નહીં તેથી તેને ટાળવાની પણ અમને ચિંતા નથી. અમે તો સર્વ કર્મથી વિમુક્ત શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ; કારણ કે અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી, નથી જ.

બુધ પુરુષોને એટલે કે સમ્યગ્દ્રષ્ટિ જીવોને એવો નિર્ણય વર્તે છે કે સિદ્ધદશા કે સંસારદશા અમારા ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં છે જ નહીં. ધ્રુવસ્વરૂપ, સામાન્યસ્વરૂપ, એકસ્વરૂપ વસ્તુ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તેમાં મોક્ષની દશા કે સંસારની દશા છે જ નહીં. અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવું જે પરમપારિણામિક તત્ત્વ, તેમાં કેવળજ્ઞાનની પર્યાય કે સંસારની વિકારી પર્યાય છે જ નહીં.

સંસારી જીવમાં સાંસારિક ગુણો એટલે કે વિકારી પર્યાય હોય છે ને સિદ્ધને સદા નિર્વિકારી પર્યાય હોય છે. વિકાર કે અવિકાર અવસ્થા પર્યાયમાં અસ્તિત્વ ધરાવે છે. વર્તમાન વર્તતી પરિણતિમાં તે તે પર્યાયની અસ્તિ છે ખરી. તોપણ તેઓ વસ્તુસ્વભાવમાં નથી, ત્રિકાળી ધ્રુવસામાન્ય એકરૂપ દ્રવ્યમાં તેમની અસ્તિ છે જ નહીં.

રાગ તો ત્રિકાળી વસ્તુમાં છે જ નહીં, પણ કેવળજ્ઞાનની પર્યાય પણ વસ્તુમાં

[ અનુસંધાન પાનું ૩ પર ]

સર્વને અનુભૂત સુગમ દ્રષ્ટાંત દ્વારા

# આત્માના અતિસૂક્ષ્મ અકર્તૃત્વ સ્વભાવનું

# ★ ★ ★ ★ ★ રહસ્યોદ્‌ઘાટન ★ ★ ★ ★ ★

શુદ્ધપારિણામિકભાવ નિષ્ક્રિય છે, ને બંધના કારણભૂત જે રાગાદિ પરિણતિ તથા મોક્ષના કારણભૂત જે શુદ્ધપરિણતિ તે ક્રિયા છે. નિષ્ક્રિયતત્ત્વમાં તે ક્રિયાનો સર્વથા અભાવ છે, નિષ્ક્રિયતત્ત્વ તે ક્રિયાનો અકારક ને અવેદક છે. નિગોદની અવસ્થા હો કે સિદ્ધદશા હો નિષ્ક્રિયતત્ત્વ તો એવું ને એવું એકરૂપ ધ્રુવરૂપ જ રહ્યું છે. એવી ત્રિકાળી ધ્રુવ વસ્તુનો સ્વીકાર આવતાં દ્રષ્ટિ નિર્મળ થઈ જાય છે, ને ત્યારે તે દ્રષ્ટિ એમ જાણે છે કે આ નિર્મળ પર્યાય તે હું નથી, મારામાં તેનો અભાવ છે. હું તો અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય શુદ્ધપારિણામિક પરમભાવ તે જ હું છું.

[ તા. ૨૬–૪–૭૬ થી તા. ૧–૫–૭૬ સુધીના દાદર ( મુંબઈ ) માં થયેલા પ્રવચનોમાંથી. ]

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦.

આ ગાથા ઘણી સૂક્ષ્મ છે પણ સમજાયે બેડો પાર થઈ જાય તેવી છે. મુંબઈ જેવી મોહનગરીમાં લોકોના કાને આવી વાત પડવી તે પણ મહાભાગ્યની વાત છે. શ્રી જયસેનાચાર્યે શ્રી સમયસારની ‘તાત્પર્યવૃત્તિ’ નામની ટીકા રચિ છે, તેમાંથી આ ગાથા વંચાઈ રહી છે.

આ ગાથાનો ભાવ ઘણો સૂક્ષ્મ છે, છતાં બહુ જ સરળ દ્રષ્ટાંત દ્વારા આચાર્યદેવે તે ભાવનું તળસ્પર્શી સ્પષ્ટીકરણ કર્યું છે.

## ❀ ચક્ષુના દૃષ્ટાંતે જ્ઞાનનું અકારક – અવેદકપણું ❀

જેમ આંખ પરમાં કરવા–વેદવાની કોઈપણ ક્રિયા કરતું નથી, માત્ર પરમાં જે કોઇ ક્રિયા થાય છે તેને જાણે છે; તેમ જ્ઞાન પણ પર ચીજનું કાંઈ કરતું નથી કે ભોગવતું નથી, જ્ઞાતા–દૃષ્ટાપણે જગતને જ્ઞેયપણે જાણે જ છે. જડને કારણે જડની અવસ્થા થાય છે અને તે અવસ્થાનું વેદન જડમાં થાય છે. આત્મા જડની તે અવસ્થાને કરતો નથી કે જડની તે અવસ્થાને ભોગવતો નથી.

જેમ અગ્નિ પ્રગટાવનાર પુરુષ અગ્નિને કરે છે તોપણ ચક્ષુ અગ્નિને કરતો નથી, માત્ર અગ્નિને જાણે જ છે. તથા અગ્નિની ઉષ્ણતાને તપેલું જ વેદે છે અર્થાત્ તપેલું જ ગરમ થાય છે પણ ચક્ષુ ઉષ્ણતાને વેદતું નથી. ચક્ષુ તો માત્ર તે–તે ક્રિયાને જાણે જ છે, પણ તેનું કરવાપણું કે ભોગવવાપણું ચક્ષુને નથી, તેમ શુદ્ધ જ્ઞાન અર્થાત્ અભેદ શુદ્ધજ્ઞાનપરિણત જીવ પરની કે રાગની ક્રિયાનો કર્તા કે ભોક્તા નથી.

ભગવાન કહે છે કે પ્રભુ ! તું જ્ઞાનસ્વરૂપ છો ને ! તો તું પરની કોઈ ક્રિયા કરે કે પરની કોઈ ક્રિયા ભોગવે એવું તારું સ્વરૂપ જ નથી. તું તો જ્ઞેયોનો જ્ઞાતા–દૃષ્ટા જ્ઞાનસ્વરૂપ જ છો. પરની, દેહની, કુટુંબની ક્રિયાને પોતે કરે છે એમ જે માને છે, દયાદાનાદિ ભાવોને પોતે કરે છે તેમ જે માને છે તથા સ્ત્રી–પુત્રાદિને કે રાગને પોતે વેદે છે એમ જે માને છે, તેણે આત્માના જ્ઞાનસ્વભાવને જાણ્યો નથી, માન્યો નથી. જે જીવ પરની દયા પાળુ છું એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ મૂઢ છે, કારણ કે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જ્ઞેયને પર તરીકે જાણવાવાળો છે તેના બદલે જ્ઞેયોનો પોતે કર્તા–ભોક્તા બને છે – તેમ માને છે, તે મિથ્યાત્વ છે.

નેત્રના દૃષ્ટાંતે હું પરનો કારક–કર્તા કે વેદક–ભોક્તા નથી તેમ શુદ્ધજ્ઞાનપરિણત જીવ જાણે છે, માને છે. જ્ઞાન પરનું કાંઈ કરે કે ભોગવે કે કર્મને બાંધે કે કર્મને ભોગવે તેવો તેનો સ્વભાવ જ નથી. એવી જેની દૃષ્ટિ થઈ છે તેવા શુદ્ધજ્ઞાનપરિણત જીવ એમ જાણે છે કે હું પરનો તો કર્તા–ભોક્તા નથી પણ રાગનો પણ કર્તા–ભોક્તા હું નથી. કર્મ બાંધનાર કે કર્મ છોડનાર પણ હું નથી. હું તો રાગને તથા બંધ–મોક્ષને જાણનાર જ છું.

પોતાના પરિણામમાં જે શુદ્ધતા થાય તેને પણ જ્ઞાની જાણે છે ને અશુદ્ધ પરિણામને પણ જ્ઞાની જાણે છે, બંધને પણ જાણે છે ને મોક્ષને પણ જાણે છે, પણ જ્ઞાની શુદ્ધ–અશુદ્ધિપરિણામનો પણ કર્તા–ભોક્તા થતો નથી.

માત્ર દૃષ્ટિ જ નહીં પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ

અવેદક છે. જેમ દ્રષ્ટિ ચક્ષુના દ્રષ્ટાંતે પરનો–કર્મોનો અકારક ને અવેદક છે, કર્મોદય નિર્જરા, બંધ ને મોક્ષનો અકારક ને અવેદક છે તેમ ક્ષાયિકજ્ઞાન પણ કર્મોદય, નિર્જરા, બંધ, મોક્ષનો અકારક–અવેદક છે.

સમ્યગ્દર્શનનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા તે ઉદયભાવને કરતો નથી, પંચમહાવ્રતાદિના ભાવને કરતો નથી. પરની દયાના વિકલ્પને પણ કરતો નથી. જે કોઈ વિકલ્પનો કર્તા પોતાને માને છે તે સમ્યગ્દ્રષ્ટિ નથી. દયા–દાન આદિ વિકલ્પ આવે ખરા, સાધકને તે વિકલ્પ આવ્યા વિના રહેતો નથી, તોપણ તેને હું કરું છું એમ તે માનતો નથી. જ્ઞાન શું કરે? – કે જ્ઞાન તો કર્મના સવિપાક–અવિપાક નિર્જરાને તથા કર્મોદયને અને બંધ–મોક્ષને માત્ર જાણે જ છે.

સ્થિતિ પૂરી થતાં કર્મના રજકણો ઉદયમાં આવીને ખરી જાય તે અવિપાક નિર્જરા છે તેનો કર્તા પણ જીવ નથી. ને પુરુષાર્થની ઉગ્રતાથી કર્મ ઉદયમાં આવ્યા વિના ખરી જાય તે અવિપાક નિર્જરા છે, તેનો પણ ધર્મી કર્તા નથી. અથવા સકામ ને અકામ એવા બે પ્રકાર છે. જીવના પુરુષાર્થ પૂર્વક તપ વગેરે દ્વારા જે નિર્જરા થાય તે અકામનિર્જરા છે અને ઇચ્છા ન હોવા છતાં ક્ષુધા–તૃષાદિ સમતાભાવે સહન કરવા તે અકામનિર્જરા છે. અહીં તો કહે છે કે સકામ–અકામ નિર્જરાને પણ જ્ઞાની ધર્માત્મા કરતો નથી, માત્ર જાણે જ છે.

જ્ઞાન પણ પરનો કર્તા નથી ને જ્ઞાનપરિણત જીવ પણ પરનો કર્તા નથી. મિથ્યાદ્રષ્ટિનું જ્ઞાન પણ પરનું કર્તા–ભોક્તા નથી, પરંતુ મિથ્યાદ્રષ્ટિ તેમ સ્વીકારતો નથી.

## ❀ બંધ–મોક્ષના કારણ ને પરિણામથી શૂન્યત્વ ❀

ત્રિકાળી પારિણામિક સહજ જ્ઞાયકભાવને જાણનારી શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ પરના કર્તૃત્વ–ભોક્તુત્વથી તથા બંધ–મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે.

સમ્યગ્દર્શનનો જે વિષય છે તે વસ્તુ કર્તા–ભોક્તા નથી. પરમ ઉત્કૃષ્ટ સ્વભાવ એવો જે ત્રિકાળી ધ્રુવ તે બંધ–મોક્ષના પરિણામનો કર્તા–ભોક્તા નથી. બંધ–મોક્ષના કારણથી ધ્રુવ મુક્ત છે, શૂન્ય છે. બંધના કારણ જે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ તેનાથી ધ્રુવ શૂન્ય છે. તથા મોક્ષના કારણ જે સમ્યગ્દર્શનના પરિણામ–નિશ્ચય મોક્ષમાર્ગ તેનાથી ધ્રુવ શૂન્ય છે.

ધ્રુવભાવ કે જેમાં બદલવું કે પરિણમવું નથી, ધ્યાનીનું જે ધ્યેય છે, સમ્યગ્દર્શનનો જે વિષય છે તે ધ્રુવ બંધ–મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય છે. રાગ થાય તેનો તો આત્મા કર્તા નથી પણ નિર્મળ પર્યાયનો પણ કર્તા આત્મા નથી. નિશ્ચય મોક્ષમાર્ગ–વીતરાગી પર્યાય તેનાથી વસ્તુ શૂન્ય છે. નિત્યાનંદ ધ્રુવ વસ્તુ પરિણામથી રહિત છે. ધ્રુવમાં પરિણામ

નથી ને પરિણામમાં ધ્રુવ આવતું નથી. ધ્રુવ કેવું છે તેનું જ્ઞાન સમ્યક્ જ્ઞાનમાં આવે પણ તે પર્યાયમાં ધ્રુવ ન આવે. મોક્ષનું કારણ જે નિશ્ચયમોક્ષમાર્ગ તે પર્યાય છે, તેનાથી ધ્રુવ શૂન્ય છે, તે ધ્રુવમાં નથી.

બંધ ને મોક્ષના પરિણામથી વસ્તુ શૂન્ય છે. ભાવબંધથી ધ્રુવ વસ્તુ શૂન્ય છે. મોક્ષના પરિણામ છે તે સક્રિય છે, તેનાથી નિષ્ક્રિય ચીજ રહિત છે. આવું ધ્રુવતત્ત્વ અનાદિથી દ્રષ્ટિમાં લીધું નથી ને એ દ્રષ્ટિ પણ ધ્રુવમાં છે નહીં એમ કદી સ્વીકાર્યું નથી.

ભાવબંધ જે મિથ્યાત્વ, રાગ, કષાય આદિ તેનાથી વસ્તુ શૂન્ય છે. અસ્તિપણે એકરૂપ રહેનારો ધ્રુવભાવ તે બંધ ને મોક્ષના પરિણામથી શૂન્ય છે. વ્રતાદિ શુભ પરિણામનો કર્તા નિર્મળ પર્યાય નથી ને નિર્મળ પર્યાયનો કર્તા વસ્તુ નથી.

જે શુદ્ધ ત્રિકાળી વસ્તુ છે તેને પ્રકૃતિ આદિ બંધનો સંબંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે. ચૈતન્યમૂર્તિ વિજ્ઞાનઘન તે જ્ઞાનનું મહાત્મ છે ને તેને બંધ સાથેનો સંબંધ તે અજ્ઞાનનું મહાત્મ્ય છે.

રાગની વૃત્તિ ને ત્રિકાળી સ્વભાવ તે બે વચ્ચે સંધિ છે, એક થયા નથી. રાગથી વિજ્ઞાનઘન વસ્તુ શૂન્ય છે પણ નિર્મળ પર્યાય પ્રગટ થઈ તેનો પણ વિજ્ઞાનઘન વસ્તુમાં પ્રવેશ નથી.

જગતની જે ચીજ જે કાળે જેમ પરિણમવાની છે તેમ જ પરિણમશે, તેનો તો જીવ કર્તા નથી પરંતુ જે પર્યાય થાય–નિર્મળ પર્યાય થાય તેનો પણ કર્તા નથી. તે પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે. ચૈતન્યને જાણતું જે જ્ઞાન પ્રગટ થાય છે તે પણ ક્રમબદ્ધ થાય છે, તેનો કર્તા પણ ધ્રુવતત્ત્વ નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે એવી દ્રષ્ટિ થતાં તે કાળે બાહ્યમાં જગતના જે પરિણામ થાય છે તે ક્રમબદ્ધ થાય છે તેમ તે જાણે છે ને તે જાણવાની પર્યાય પણ ક્રમબદ્ધ થાય છે, તેનો પણ ત્રિકાળી જીવ કર્તા નથી. જગતના પરિણામ–ક્રિયા તો ક્રમબદ્ધ છે જ, પણ સ્વરૂપની દ્રષ્ટિ કરતાં જગતના પરિણામને ક્રમબદ્ધ જાણનાર જે જ્ઞાનની પર્યાય તે પણ ક્રમસર છે તેમ સમ્યગ્જ્ઞાની જાણે છે.

વસ્તુ મુક્ત સ્વરૂપ છે તો તેને બંધ સાથે સંબંધ કેમ થાય છે? –કે મુક્ત સ્વરૂપ વસ્તુ છે એવો તેને સ્વીકાર નથી, તેથી વસ્તુને જે બંધ સાથે સંબંધ છે તે અજ્ઞાનીના અજ્ઞાનનું મહાત્મ્ય છે. જ્ઞેય–જ્ઞાયક સંબંધ પણ પર્યાય સાથે છે, દ્રવ્યને–ધ્રુવને તો જ્ઞેય–જ્ઞાયક સંબંધ પણ નથી.

ભગવાન આત્મા સંસારભાવનો–ઉદયભાવનો ભોક્તા નથી, રાગનો ભોક્તા આત્મા

નથી. રાગને ભોગવે તે આત્મા નહીં. વ્યવહાર રત્નત્રયનો પણ ભોક્તા આત્મા નથી. જીવમાં બંધ–મોક્ષના કારણનો અભાવ છે ને બંધ–મોક્ષના ભાવનો પણ અભાવ છે.

## * પાંચ ભાવોમાં કયા ભાવથી મુક્તિ *

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને પારિણામિક એ પાંચ ભાવમાં કયા ભાવથી મોક્ષ થાય છે તે વાત સમજાવવામાં આવે છે. મોક્ષના કારણ તે પરિણામ દ્રવ્યમાં ભલે નથી. પણ મોક્ષ થાય છે તેનું કારણ પાંચ ભાવોમાંથી કયો ભાવ છે? –તે હવે કહે છે.

ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક એ ચારેય ભાવો પર્યાય છે ને શુદ્ધ પરિણામિકભાવ તે દ્રવ્ય છે ને તે બેરૂપ તે આત્મ–પદાર્થ છે. અર્થાત્ પાંચ ભાવમાં પારિણામિકભાવ તે ધ્રુવતત્ત્વ છે ને બાકીના ચાર ભાવ તે પર્યાય છે.

બાહ્ય સ્ત્રી, પુત્ર, શરીર આદિ તે સંસાર નથી ને તેને હું છોડું એવી માન્યતાવાળા એ તેને–પરને ગ્રહણ કર્યા હતા તેમ માન્યા છે તે મિથ્યાત્વ છે. પુણ્યથી મને લાભ થશે ને હું પુણ્યનો કર્તા છું એવી જે માન્યતા તે મિથ્યાત્વ છે ને તે માન્યતા તે જ સંસાર છે, તે જ ઉદયભાવ છે. સમ્યગ્દ્રષ્ટિને અતીન્દ્રિય આનંદ થોડો હોય છે, મુનિને વિશેષ આનંદ હોય છે. ત્યાં પણ જે રાગ બાકી રહ્યો તેટલો સંસાર છે, ઉદયભાવ છે. ચોથા ગુણસ્થાનવાળાને કે છઠ્ઠા ગુણસ્થાનવાળાને જેટલો રાગ છે તે ઔદયિકભાવ છે, જેટલો ઔદયિકભાવ છે તેટલો સંસાર છે. રાગ તે ઉદયભાવ છે ને ચૌદમે ગુણસ્થાને જે જોગનું કંપન છે તેને પણ ઉદયભાવ કહે છે. જેટલે અંશે પ્રતિજીવીગુણ અશુદ્ધપણે પરિણમે છે તેટલો ઉદયભાવ છે, ત્યાં સુધી સંસારસ્થ છે.

વસ્તુ પરમપારિણામિકભાવે શુદ્ધ છે પણ જો પર્યાયમાં પણ શુદ્ધતા હોય તો સિદ્ધ થઈ જાય. પર્યાયમાં દોષ છે, ચૌદમા ગુણસ્થાન સુધી પર્યાયમાં દોષ છે, જોગનું કંપન તે દોષ છે, ત્યાંસુધી સિદ્ધ થતાં નથી.

સંસારભાવ–ઉદયભાવ તે પર્યાયરૂપ છે. સમ્યક્ દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય તે પર્યાયરૂપ છે. પરમ પારિણામિકભાવ તે પર્યાયથી શૂન્ય છે. પણ ત્રિકાળીનું વર્તમાન તે વર્તમાન પર્યાય છે. ધ્રુવનો નિર્ણય કરનાર તે ધ્રુવનું વર્તમાન છે કે જે ધ્રુવથી ભિન્ન છે.

## * શુદ્ધનયે સર્વે જીવોને અશુદ્ધ પારિણામિકભાવનો અભાવ *

પાંચ ભાવોમાં પારિણામિકભાવ તે દ્રવ્યરૂપ છે, ઔદયિકભાવ તે અશુદ્ધ પર્યાય છે ને ઉપશમ, ક્ષયોપશમ તથા ક્ષાયિકભાવ તે શુદ્ધ પર્યાય છે.

ત્યાં જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિકભાવોમાં શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે ‘શુદ્ધ પારિણામિકભાવ’ છે. તે શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય હોવાથી નિરાવરણછે ને બંધ–મોક્ષની પર્યાયથી રહિત છે. એ રીતે શુદ્ધ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી, એમ જાણવું.

શુદ્ધ પારિણામિકભાવ છે તે સહજ સ્વભાવ છે, તે નિરાવરણ છે. અભવ્યને પણ શુદ્ધજીવત્વ નિરાવરણ છે ને ભવ્યને પણ શુદ્ધજીવત્વ નિરાવરણ છે. પરમ પારિણામિકભાવને ક્યારેય આવરણ કે દોષ હોતો નથી.

વળી દશપ્રાણરૂપ–ભાવપ્રાણરૂપ જીવત્ત્વ અને ભવ્યત્ત્વ તથા અભવ્યત્વ તે પર્યાયનયાશ્રિત હોવાથી ‘અશુદ્ધ પારિણામિકભાવ’ છે. જીવત્વ, ભવ્યત્વ ને અભવ્યત્વ તે ત્રણમાં જે શુદ્ધજીવત્વ છે તે શુદ્ધ પારિણામિકભાવ છે પણ દશપ્રાણરૂપ જીવત્ત્વ, ભવ્યત્વ ને અભવ્યત્વ તે પર્યાયનયનો વિષય છે તેથી અશુદ્ધ પારિણામિકભાવ છે. તે અશુદ્ધ પારિણામિકભાવ હું નથી એમ ધર્મીની દ્રષ્ટિમાં વર્તે છે.

ભવ્ય હોય કે અભવ્ય હોય શુદ્ધનયથી સંસારીને દશપ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ ને અભવ્યત્વનો અભાવ છે તથા સિદ્ધને અશુદ્ધ પારિણામિકભાવનો સર્વથા અભાવ છે.

ભગવાન કહે છે કે ભાઈ! તું પરમપારિણામિક વસ્તુ છો, તું પૂર્ણ છો. તું તને પામર ન માન. તું વિકારી પર્યાયનો કર્તા નથી, અરે! તું અવિકારી પર્યાયનો પણ કર્તા નથી એમ તને તું માન. જેમ પરદ્રવ્યનો તારા સ્વદ્રવ્યમાં અભાવ છે, પરદ્રવ્યનો અંશ તારા સ્વદ્રવ્યમાં આવતો નથી માટે તું પરદ્રવ્યનો અકર્તા છે. તેમ પર્યાયની સત્તા ધ્રુવમાં એકરૂપ થતી નથી, પર્યાયની સત્તા ધ્રુવની સત્તાથી ભિન્ન છે માટે નિર્મળ પર્યાયનો કર્તા સ્વ–દ્રવ્ય–શુદ્ધ પારિણામિકભાવ નથી.

જીવત્ત્વ, ભવ્યત્ત્વ અને અભવ્યત્ત્વ એવા ત્રણે ભેદો પર્યાયનય આશ્રિત હોવાથી અશુદ્ધ પારિણામિકભાવ છે કેમકે તેના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. દરેક જીવ શુદ્ધનયથી શુદ્ધપારિણામિકભાવે છે, તેને જીવત્ત્વ, ભવ્યત્ત્વ કે અભવ્યત્ત્વરૂપ અશુદ્ધપણું છે નહીં. સિદ્ધને તો પર્યાયમાં પણ તે અશુદ્ધ પારિણામિકભાવ નથી તેથી સિદ્ધને જીવત્ત્વ, ભવ્યત્ત્વ ને અભવ્યત્ત્વનો સર્વથા અભાવ છે.

## * મોક્ષનું કારણઃ શુદ્ધાત્માભિમુખ પરિણામ *

મહા આનંદનો લાભ–પ્રાપ્તિ તે મોક્ષ છે. જીવને સાધ્ય તરીકે જે સાધવાનો છે તે મોક્ષ છે. તે મોક્ષનું કારણ કોણ? કેવી રીતે મોક્ષ સાધવો? – કે પાંચભાવમાં જે

શુદ્ધ પારિણામિક પરમભાવ તે મોક્ષસ્વરૂપ જ છે. તે તો પ્રથમથી જ મુક્તસ્વરૂપે વિદ્યમાન છે. એવું મુક્તસ્વરૂપ નિષ્ક્રિય વિદ્યમાન ધ્રુવતત્ત્વ તે જ હું છું એમ દૃષ્ટિમાં સ્વીકાર આવતાં ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક પર્યાય પ્રગટે છે.

અનાદિથી પરના ને રાગના તથા પર્યાયના કર્તૃત્વપણાને લીધે મિથ્યાત્વ હતું. સંસારભાવ–ઉદયભાવ એક જ વર્તતો હતો. તે ઉદયભાવ બંધનું કારણ છે. તેથી બંધનું કારણ એવો જે ઉદયભાવ તે મોક્ષનું કારણ ન હોઈ શકે. બીજી રીતે કહીએ તો દયા–દાન–પૂજા–ભક્તિ તથા મહાવ્રત–તપ આદિનો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ તે શુભરાગ છે, ઉદયભાવ છે, તેથી તે બંધનું કારણ હોવાથી તેનાથી મોક્ષ સાધી શકાતો નથી. છઠ્ઠા ગુણસ્થાને વર્તતા વ્યવહાર રત્નત્રયના વિકલ્પથી મોક્ષ થઈ શકતો નથી. એ રીતે પાંચ ભાવોમાં ઉદયભાવ બંધનું કારણ હોવાથી તે મોક્ષનું કારણ નથી.

હવે જે શુદ્ધપારિણામિક નિષ્ક્રયભાવ તે ભાવનારૂપ નથી, વળી તે બંધ–મોક્ષના પરિણામ ને કારણથી શૂન્ય છે, ભિન્ન છે; તેથી શુદ્ધ પારિણામિકભાવ પણ મોક્ષનું કારણ નથી.

જ્યારે આ જીવ સહજ–શુદ્ધ–પારિણામિક નિષ્ક્રિયભાવની દૃષ્ટિ કરે ત્યારે જે નિર્મળ પર્યાય પ્રગટે છે તે પર્યાયને અર્થાત્ તે પરિણામને આગમભાષામાં ‘ઔપશમિક’, ‘ક્ષાયોપશમિક’ તથા ‘ક્ષાયિક’ એવા ત્રણ ભાવરૂપે કહેવાય છે. અને અધ્યાત્મભાષામાં તે પરિણામને ‘શુદ્ધાત્માભિમુખ પરિણામ’–‘શુદ્ધોપયોગ’ ઇત્યાદિ કહેવાય છે.

શુદ્ધ પારિણામિકભાવને અવલંબનારા ઉપશમાદિ શુદ્ધાત્માભિમુખ પરિણામ અર્થાત્ સમ્યક્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ સમસ્ત રાગાદિથી રહિત હોવાથી તેઓ મોક્ષના શુદ્ધ–ઉપાદાન કારણભૂત છે.

### * મોક્ષના કારણરૂપ ધ્યાનનું ધ્યેય કોણ ? *

શુદ્ધપારિણામિકભાવ તે નિષ્ક્રિયતત્ત્વ છે, તે ભાવનારૂપ નથી, તે ધ્યાનરૂપ નથી. જ્યારે બીજા ચાર ભાવો ક્રિયારૂપ છે. બંધના પરિણામ ને કારણ તે ક્રિયારૂપ છે, ને મોક્ષના પરિણામ ને કારણ તે ક્રિયારૂપ છે. અક્રિયતત્ત્વમાં ક્રિયારૂપ પરિણતિનો અભાવ છે. અહીં શુદ્ધોપયોગરૂપ મોક્ષના કારણને તથા નિષ્ક્રિયતત્ત્વને કથંચિત્ ભિન્ન કહ્યાં છે કારણ કે અહીં પરથી ને રાગથી ભિન્નતા કરાવવી છે. પણ ખરેખર તો નિષ્ક્રિયતત્ત્વ ક્ષાયિક આદિ શુદ્ધપરિણતિથી સર્વથા ભિન્ન છે. સંવર અધિકારની શરૂઆતમાં નિર્મળ પર્યાયથી શુદ્ધાત્મદ્રવ્યનું ક્ષેત્ર ભિન્ન છે તેમ કહ્યું છે. રાગાદિનું ક્ષેત્ર તો ભિન્ન છે જ પણ નિર્મળ પર્યાયનું ક્ષેત્ર પણ શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે.

આવું નિષ્ક્રિયતત્ત્વ તે એક જ ધર્મીના ધ્યાનનું ધ્યેય છે. શુદ્ધપારિણામિકભાવના અવલંબન વડે જ ધર્મદશા પ્રગટે છે. જે કોઈ સમ્યગ્દર્શન પામ્યા તેઓએ ધ્રુવને જ ધ્યેય બનાવીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી છે. ધ્યાનની પર્યાયને ધ્યેય બનાવીને સમ્યગ્દર્શન પામી શકાય નહીં. સમ્યગ્દર્શનની ક્રિયા શુદ્ધપારિણામિકભાવમાં નથી, પણ પર્યાયમાં છે. છતાં પર્યાયના ધ્યાનથી તે પર્યાય પ્રગટ થતી નથી, પણ ધ્રુવને ધ્યેય બનાવવાથી પ્રગટ થાય છે.

મોક્ષનું કારણ જે ઉપશમ, ક્ષાયોપશમ અને ક્ષાયિકભાવ તે ધર્મીના ધ્યાનનો વિષય નથી. ધર્મીને ધર્મની પર્યાય પણ ધ્યેયરૂપ નથી.


ભાઈ ! વર્તમાનમાં પુણ્ય–પાપના જે ભાવ થાય છે તેને ન જો. અરે ! નિર્વિકારી પર્યાયનું પણ લક્ષ કરવા જેવું નથી. તે સર્વ અવસ્થાથી રહિત જે ત્રિકાળી વસ્તુ છે તેને લક્ષમાં લે, તે પૂર્ણાનંદથી ભરેલી છે, તેના લક્ષે તને પૂર્ણાનંદનો લાભ થશે.

પર્યાય રહિત નિષ્ક્રિય વસ્તુ છે તે ધ્યેયરૂપ છે, આશ્રય કરવા લાયક છે, તે એક જ આશ્રયદાતા છે. નિર્મળ પર્યાયનો આશ્રયદાતા પર્યાય પોતે નથી પણ નિષ્ક્રિયતત્ત્વ તેનો આશ્રયદાતા છે.

સમ્યગ્દર્શન ધ્યાનરૂપ છે ને ત્રિકાળી વસ્તુ ધ્યેયરૂપ છે. ધ્યાન તે ધ્યેય ન હોઈ શકે. કારણ કે ધ્યાન તે બદલતી અવસ્થા છે, ધ્યાન તે વિનશ્વર છે ને ધ્યેય તો અવિનશ્વર છે–ધ્રુવરૂપ છે.

## * ધ્યાતા પુરુષ શું ભાવે છે ? *

સાધકને પૂર્ણ શુદ્ધિરૂપ પરિણતિ નથી, આંશિક શુદ્ધિરૂપ પરિણતિ છે. તે શુદ્ધ પરિણતિ શુદ્ધ પારિણામિકભાવના લક્ષે–આશ્રયે જ પ્રગટે છે. આવી પરિણતિ જેને પ્રગટી છે એવો ધર્મી જીવ અર્થાત્ ધ્યાતા પુરુષ એમ ધ્યાવે છે કે 'જે સકલનિરાવરણ–અખંડ – એક – પ્રત્યક્ષપ્રતિભાસમય – અવિનશ્વર – શુદ્ધ – પારિણામિકપરમભાવલક્ષણ – નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું.' આવો નિર્ણય જે પર્યાયમાં વર્તે છે તે પર્યાય 'હું ખંડજ્ઞાનરૂપ છું' કે 'હું નિર્મળ પર્યાયરૂપ છું.' –તેમ નથી માનતી, પણ શુદ્ધપારિણામિકભાવ તે જ હું છું એમ પર્યાય માને છે–ભાવે છે.



## દાદર ( મુંબઈ ) ના પ્રાંગણમાં
## પૂજ્ય ગુરુદેવનો
# ૮૭ મો જન્મ - જયંતી - મહોત્સવ

વૈશાખ સુદ બીજ, શનિવાર ને તા. ૧–૫–૭૬ ના રોજ દાદરમાં અત્યંત હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં હજારો ભક્તોના જયનાદના ગુંજારવ વચ્ચે પૂજ્ય શ્રી ગુરુદેવનો ૮૭મો જન્મ–જયંતી–મહોત્સવ ઉજવાયો.

હજુ તો માંડ–માંડ મધ્યરાત્રિ વ્યતીત થઈ હતી ને પરોઢિયું થતું આવતું હતું ત્યાં માઇલો દૂર–દૂરથી મુંબઈના મુમુક્ષુઓ વરલીમાં આવેલા શ્રી રમણિકભાઈ શાહ ( રોનક ઇન્ડસ્ટ્રીઝવાળા ) ના બંગલે – પૂજ્ય ગુરુદેવશ્રીના મુકામે આવવા લાગ્યા, જાણે મોહનિંદ્રામાંથી જગાડનારા ગુરુદેવની મંગલ જન્મ–વધાઈના પાવન દિને તેઓશ્રીના દર્શન કરીને અમે પાવન થઈ જઈએ! ભગવાન થવાની ભક્તોની ભાવના દેખીને પૂજ્ય ગુરુદેવે ત્યાં આવેલા સૌ ભક્તોને મંગળ આશીર્વાદરૂપે ભગવાન – ‘ભેટ’ માં– આપ્યા!

તા. ૧૫–૪–૭૬થી જ્યાં નિયમિત રીતે રોજ બે–વખત પૂજ્યશ્રીનું પ્રવચન થતું હતું તે મહાવીર–નગર (પારસી જીમખાના) માં મંગલ જન્મવધાઇની મંગલ સુપ્રભાતે પૂજ્ય શ્રી ગુરુદેવ હજારો ભવ્યોને દર્શન આપવા પધાર્યા હતા. આટલી વહેલી સવારે દાદરમાં હજારોની સંખ્યામાં માનવ–મેદની એ દાદરના પ્રાંગણે અભૂતપૂર્વ પ્રસંગ હતો. દર્શનાર્થીઓની ભીડ અપાર હતી. મંડપની બહાર દૂર–દૂર સુધી દર્શનાર્થીઓ કતારમાં ઉભા હતા. દર્શનાર્થીઓની આવી બેસુમાર ભીડ જોઈને દાદર મુમુક્ષુ મંડળના હૈયે હર્ષ સમાતો ન હતો.

પૂજ્ય ગુરુદેવના પાવન ચરણયુગલ રેખાંકિત ફોટાઓ લગાડેલા થરમોકોલના ૮૭ તારલાઓ પર ચાલતાં ને લાઈટ થી ઝગમગ થતી ૮૭ કમાનોમાંથી પસાર થતાં પૂજ્ય શ્રી ગુરુદેવના વહેલી સવારે દર્શન કરતાં દર્શનાભિલાષીઓનો ઉમંગલ પણ અનેરો જણાઈ રહ્યો હતો.

મંગલ દર્શન–વિધિ બાદ પૂજ્ય ગુરુદેવની જન્મ–વધાઇ નિમિત્તે સવારે તથા બપોરે પ્રવચન પહેલાં ને પ્રવચન બાદ શ્રી દિગંબર જૈન સમાજના અગ્રગણ્ય શેઠ શ્રી શાહૂ શાંતિપ્રસાદજી, શ્રી લાલચંદ હીરાચંદ, તથા પ્રમુખશ્રી નવનીતલાલ ચુનીલાલ જવેરી, શ્રી લાલચંદભાઈ મોદી, શ્રી ખીમચંદભાઈ શેઠ, શ્રીબાબુભાઈ (ફતેપુરવાળા), શ્રી હુકમચંદજી ભારિલ્લ, શ્રી નેમચંદજી પાટણી, શ્રી ધીરુભાઈ શ્રોફ (જ્ઞાન રીસર્ચ ઇન્સ્ટીટયુટવાળા), રમણિકભાઈ (રોનક ઇન્ડસ્ટ્રીઝવાળા) તથા તેમના બનેવી સી. યુ. શાહ, શ્રી ડાહ્યાભાઈ જજ, શ્રી ચીમનભાઈ મોદી, શ્રી પ્રાણભાઈ દેસાઈ (ગોડા) આદિ અનેક વક્તાઓએ જૈન સમાજ વતી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ભાવભરી શ્રદ્ધા–ભક્તિ વ્યક્ત કર્યા હતા. પૂજ્યશ્રીની જન્મ–જયંતી નિમિત્તે વૈશાખ સુદ એકમથી પ્રમુખ વ્યક્તિઓએ પોતાના વક્તવ્યો રજુ કર્યા હતા, તેમ છતાં ટાઈમના અભાવે અનેક વક્તાઓને શ્રદ્ધા–ભક્તિ–વ્યક્ત કરવાનો લાભ નહોતો મળી શક્યો.

સવારે તથા બપોરે પ્રવચનમાં લગભગ ૧૫,૦૦૦ શ્રોતાઓથી મહાવીરનગર ખીચોખીચ ભરાઇ ગયું હતું. પૂજ્ય શ્રી ગુરુદેવે શ્રી સમયસારની ગાથા ૩૨૦ પરની શ્રીજયસેનાચાર્યની ટીકા પર બંને વખત પ્રવચન આપ્યું હતું. જેમ દાદરના આંગણે જન્મ–વધાઈનો આ પ્રથમ સુઅવસર હતો તેમ મુંબઈના આંગણે શ્રોતાઓના ભાગ્યે પ્રથમ વખત જ આ ૩૨૦ મી ગાથા સાંભળવાનો–સમજવાનો સુઅવસર સાંપડયો હતો.

મહા આનંદના લાભરૂપ મોક્ષને પમાડનારી એવી કલ્યાણકારી ધર્મામૃત–વૃષ્ટિ કરતાં પ્રવચનમાં પૂજ્ય ગુરુદેવે કહ્યું કેઃ હે જીવ! વર્તમાન વર્તતા પુણ્ય–પાપના ભાવની સામે ન જો...ન જો... વર્તમાન વર્તતા વિકલ્પના કોલાહલનું પણ લક્ષ છોડી દે... પુણ્ય–પાપના ભાવોનો–વિકલ્પોનો તારામાં અભાવ છે. તું તેનો કર્તા કે ભોક્તા નથી. જેમ ચક્ષુ માત્ર જાણે જ છે, કારક કે વેદક નથી તેમ તું નિષ્ક્રિય પરમભાવ છો. રાગની ક્રિયા કે મોક્ષની ક્રિયાનો પણ તું અકારક–અવેદક છો. બસ, એક વાર તારી દ્રષ્ટિમાં તું તને બંધ–મોક્ષના કારણ ને પરિણામથી શૂન્ય ધ્રુવરૂપે સ્વીકાર કર. એક અખંડ નિષ્ક્રિય ચૈતન્યતત્ત્વ તે જ હું છું – એમ સ્વીકાર લાવ.

સવારના પ્રવચન બાદ શ્રી લાલચંદભાઈએ પૂજ્ય ગુરુદેવને દાદર મુમુક્ષુ મંડળ વતી એક અભિનંદન–પત્ર અર્પણ કર્યું હતું, તથા સાંજે ૭–૩૦ વાગે ટેલીવિઝન કેન્દ્ર (મુંબઈ) તરફથી પૂજ્યશ્રીની મંગલ જન્મ વધાઈના કેટલાક દ્રશ્યો ટેલીવિઝનમાં બતાવવામાં આવ્યા હતા.

બંને ટાઈમ મહાવીરનગરમાં થતાં પ્રવચનો ઉપરાંત વરલી પરના પૂજ્ય ગુરુદેવના મુકામે રાખવામાં આવેલી રાત્રિચર્ચામાં અનેક મુમુક્ષુઓએ લાભ લીધો હતો.

એ રીતે, આપણને સૌને જન્મ–મરણના ફેરામાંથી મુક્તિ અપાવવા, આપણા સૌભાગ્યે વિદેહથી અત્રે પધારેલા, ભક્તોના વહાલા પૂજ્ય ગુરુદેવશ્રી આપણને સતત આત્મજાગૃતિ આપતા રહે ને આવી શતાધિક જન્મ–વધાઇ ઉજવવાનો સુઅવસર આપણને મળ્યા કરે એવી ભાવના પૂર્વક – પૂજ્ય ગુરુદેવ જયવંત વર્તો એવી ભાવભક્તિ પૂર્વક, દાદરના આંગણે પૂજ્ય ગુરુદેવની ૮૭ મી જન્મ–જયંતી ખૂબ જ આનંદ–ઉલ્લાસપૂર્વક ઉજવાયેલ છે.

---

### “સંતોની અમૂલ્ય હિત – શિક્ષા”

શ્રીમદ્ રાજચંદ્રજીએ એક વાર એક વ્યક્તિને પ્રશ્ન કર્યો કે, તમારા એક હાથમાં ઘીથી ભરેલો ઘડો હોય, અને બીજા હાથમાં છાશથી ભરેલો ઘડો હોય, અને રસ્તામાં ચાલતાં ચાલતાં તમને ઠોકર લાગે તો એ વખતે તમે ઘીના ઘડાને સંભાળો કે છાશના ઘડાને સંભાળો? પેલી વ્યક્તિએ તુરત જ ઉત્તર આપ્યો કે, ઘીના ઘડાને જ સંભાળું, છાશનું શું મૂલ્ય છે? ત્યારે શ્રીમદ્જીએ તેમને સમજાવ્યું કે, ભાઈ! ઘીના ઘડાના દ્રષ્ટાંતે આત્મા તે મહાન કિંમતી વસ્તુ છે. છાશના ઘડાના દ્રષ્ટાંતે દેહ–ધન–કુટુંબ–પરિવાર–મહેલ–મોટર–બાગ–બગીચા એ સઘળીય વસ્તુ બહુ તુચ્છ છે. આત્માર્થી જીવો, દુર્લભ મનુષ્ય–પર્યાય પામીને, પોતાના આત્માની સંભાળમાં પોતાનો સર્વ પુરુષાર્થ લગાવે છે. દેહ–ધન–આદિ વસ્તુઓ તો પોતાની સંભાળ વિના જ પૂર્વના પુણ્ય–પાપ અનુસાર પરિણમ્યા કરે છે. સ્વયં પરિણતાં એ દેહાદિના જતનમાં આત્માર્થી જીવો રોકાતાં નથી. પરંતુ જેની જતના અનાદિથી જીવે કરી નથી એવા પોતાના આત્માની જતનામાં જ જીવે સાવધાન થવા જેવું છે. ઉપરોક્ત દ્રષ્ટાંતનો ભાવ આત્માર્થી જીવે હૃદયમાં કોતરીને હંમેશા સર્વ પ્રસંગમાં પોતાની આત્મરક્ષાનું લક્ષ રાખવું.

# ❀ મુંબઈ ના વિવિધ સમાચાર ❀

* તા. ૨૩–૨–૭૬ ના રોજ સોનગઢથી મંગલ–વિહાર કરીને અનેક શહેરોમાં ધર્મ–શ્રવણ પિપાસુઓની તૃષા છીપાવતાં–છીપાવતાં તા. ૭–૩–૭૬ ના રોજ પૂજ્ય શ્રી ગુરુદેવ ઘાટકોપર (મુંબઈ) પધાર્યા હતા. ઘાટકોપરના ચાર–દિવસના નિવાસ દરમ્યાન સર્વોદય હોસ્પીટલના દેવ–દર્શન હોલમાં રોજ બે–વખત પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક પ્રવચનો થયા હતા. તથા રાત્રે પૂજ્યશ્રીના ઊતારે (શ્રી સુમનભાઈ રામજીભાઈ દોશીના બ્લોકમાં) રાત્રિચર્ચા થતી હતી. અંદાજે ૧૦, ૦૦૦ ની સંખ્યામાં જૈન તથા જૈનેતરો પૂજ્યશ્રીના આત્મસંબોધક પ્રવચનો સાંભળવા આવતાં હતાં. સમયસારની ગાથા ૭૩ તથા ગાથા ૧૦૦ ઉપર પૂજ્ય ગુરુદેવે પ્રવચનો આપ્યા હતા.

* ૪–દિનના ઘાટકોપરના મુકામ બાદ પૂજ્ય ગુરુદેવની ધર્મામૃતવાણીનો લાભ મલાડના આંગણે ચાર–દિવસ યોજાયો હતો. જ્યાં સમયસારની ગાથા ૧૦૦, ગાથા ૧૪૪ તથા કળશ–૭ પર પૂજ્યશ્રીના પ્રવચનો થયા હતા. તથા રાત્રિચર્ચા પણ ચારેય દિવસ રાખવામાં આવી હતી. ભગવાન શ્રી મહાવીરસ્વામીનો જન્મ–જયંતી દિવસ તથા પૂજ્ય ગુરુદેવનો ૪૨ મો પરિવર્તન દિન ચૈત્ર સુદ ૧૩ ઉજવવાનું સૌભાગ્ય મલાડ મુમુક્ષુ મંડળને પ્રાપ્ત થયું હતું. તે પ્રસંગે પ્રમુખશ્રી નવનીતલાલ ચુનીલાલ જવેરી તથા અન્ય અગ્રગણ્ય વક્તાઓએ ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.

* તા. ૧૫–૪–૭૬ થી તા. ૨–૫–૭૬ સુધી મહાવીરનગર, દાદરમાં શ્રી સમયસારની ગાથાઓ ૧૭, ૧૮, ૩૧, ૩૮, ૩૨૦ તથા કળશ ૮ પર પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મોન્નતિપથદર્શક પ્રવચનો થયા હતા. જેનો લાભ લેવા હજારોની સંખ્યામાં શ્રોતાઓ આવતાં હતા.

* દાદરમાં ૮૭ મી જન્મ–જયંતી સૂચક ૮૭ બહેનોએ કેસરી સાડીમાં મસ્તક પર કળશ લઈને પૂજ્ય ગુરુદેવનું સ્વાગત કર્યું હતું.

* તા. ૨૨–૪–૭૬ ના પૂજ્ય બેનશ્રી મુંબઈ આવી પહોંચતા પ્રથમ ઘાટકોપરમાં ત્યાંના મુમુક્ષુ મંડળે પૂજ્ય બેનશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતુ ને ત્યારબાદ બપોરે

પૂજ્ય બેનશ્રી પ્રવચનમાં પધારતાં દાદર મુમુક્ષુમંડળે તેઓશ્રીનું ઉર્મિભર્યું સ્વાગત કર્યું હતું.

* કલ્યાણકારી પૂજ્ય ગુરુદેવની ૮૭ મી જન્મ–જયંતી ઉજવવા અનેક ગામોના મુમુક્ષુ મંડળની અનેક પ્રમુખ વ્યક્તિઓ ઉપરાંત જૈન સમાજની અનેક અગ્રગણ્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ આવી હતી. શેઠશ્રી શાહૂ શાંતિપ્રસાદજીની નાદુરસ્ત તબિયત હોવા છતાં તેઓએ ખાસ હાજરી આપી હતી. એ ઉપરાંત શેઠશ્રી લાલચંદ હીરાલાલ, શ્રી રતનલાલ વછરાજ ગંગવાલા ( કલકત્તા ), શ્રી પૂરણચંદજી ગોદીકા ( જયપુર ), શેઠશ્રી શ્રેયાંસપ્રસાદજી, આદિ અનેક આગેવાન મહાનુભવોએ આ સૌભાગ્યમય ૮૭ મી જન્મ–જયંતી–મહોત્સવનો લાભ લીધો હતો.

* વૈશાખ સુદ એકમના બપોરના પ્રવચન બાદ પૂજ્ય ગુરુદેવની છત્રછાયામાં મુરબ્બી શ્રી રામજીભાઈના અધ્યક્ષપદે જૈન સમાજના પ્રમુખ નેતાશ્રી શાહૂ શાંતિપ્રસાદજીએ “શ્રી કુંદકુંદ કહાન દિગંબર જૈન તીર્થસુરક્ષા ટ્રસ્ટ” ના પ્રથમ વર્ષીય પ્રથમ અધિવેશનનું ઉદ્ઘાટન કર્યું હતું, જેમાં અતીથિ વિશેષ તરીકે શેઠશ્રી લાલચંદ દોશીની ઉપસ્થિતિ રહી હતી. તીર્થસુરક્ષા ફંડમાં લોકોએ હોંશે–હોંશે ઘણો સહકાર બતાવ્યો હતો.

* ૮૭ મી જન્મ–જયંતી પ્રસંગે લોકોએ અનેક ૮૭ રૂપિયાની રકમો જાહેર કરી પોતાની ભક્તિ વ્યક્ત કરી હતી. આજના દિવસે આ પ્રસંગનો અનેરો ઉત્સાહ જણાઈ રહ્યો હતો.

* દાદર મુમુક્ષુંડળની નાની–નાની બાલિકાઓએ તથા ઘાટકોપર ભજન–મંડળી એ બપોરના સમયે ભાવવાહી નાટિકાઓ રજુ કરી હતી.

* વૈશાખ સુદ ત્રીજના રોજ રોનક ઇન્ડસ્ટ્રીઝવાળા શેઠશ્રી રમણિકભાઈના માતુશ્રી મહાલક્ષ્મીબેન તથા દાદર મુમુક્ષુ મંડળના પ્રમુખશ્રી રમણીકભાઈના ધર્મપત્ની દ્વારા ધર્મરત્ન ભગવતી પૂજ્ય ચંપાબેનને એક અભિનંદન–પત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

* એ રીતે અનેક વિધ ઉત્સાહભર્યા કાર્યક્રમો દ્વારા પરમ પૂજ્ય શ્રી ગુરુદેવની ૮૭મી મંગલ જન્મ–જયંતી દાદર ( મુંબઈ ) ના પ્રાંગણે અતિ ઉલ્લાસથી ઉજવાઈ.

---

તા. ૧૮–૫–૭૬ તથા તા. ૧૯–૫–૭૬ ના બે દિવસ માટે ‘બીના’ શહેરમાં શ્રી મહાવીર ધર્મચક્રનું શુભાગમન થયું હતું. શ્રી બાબુભાઈ મહેતા ( ફત્તેપુર ), ડો. હુકમચંદ ભારિલ્લ, શેઠ ભગવાનદાસ શોભાલાલ, શેઠ ઋષભકુમાર, શેઠ જવાહરલાલ વિદિશા તથા શ્રી ડાલચંદજી આદિ મહાનુભવો પધારેલ હતાં.




* ભાવનગરનિવાસી શેઠ વૃજલાલ કેવળદાસ તા. ૧૪–૧–૭૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી ઘણા વર્ષોથી પૂ. ગુરુદેવશ્રીના પરિચયમાં હતા અને અવાર–નવાર સોનગઢ આવી વ્યાખ્યાનનો લાભ લેતા હતા.

* દાહોદનિવાસી મીઠાલાલ ગુલાબચંદજી પંચોળી (૭૫) તા. ૧૨–૨–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તત્ત્વજ્ઞાનનો તેમને ઘણો પ્રેમ હતો, નિયમિતપણે પ્રવચનો સાંભળવાનો લાભ લેતા હતા. દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અનન્ય ભક્તિ હતી.

* શ્રી મહેન્દ્ર જમનાદાસ કામદાર (આર્કીટેક્ટ) ના બેન રમીલાબેન ૩૩ વર્ષની વયે ઓપરેશન નિષ્ફળ જતાં તા. ૧૯–૩–૭૬ રોજ બપોરે રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તે જ દિવસે સવારે તેમને દર્શન દેવા પૂજ્ય ગુરુદેવ પધાર્યા હતા. દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો પ્રેમ હતો.

* રાજકોટનિવાસી શ્રી કાનજીભાઈ અંદરજી ચગ (૭૫) રાજકોટ મુકામે તા. ૭–૪–૭૬ ના સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રી નિયમિત રીતે બંને પ્રવચનો રોજ સાંભળવા આવતાં હતાં. આ વખતે પૂજ્યશ્રીના રાજકોટના ૧૨ દિવસના મુકામ દરમ્યાન દરેક પ્રવચન ચર્ચા–ભક્તિનો તેઓએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અનન્ય ભક્તિભાવ હતો. દેવ –ગુરુ–ધર્મ પ્રત્યે ઘણો પ્રેમ હતો.

* સ્વ. શેઠશ્રી નરભેરામ હંસરાજ કામાણીના ધર્મપત્ની હેમકુંવરબેન (વર્ષ ૮૦ આશરે) તા. ૯–૪–૭૬ ના રોજ જમશેદપુર સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૨૦–૨૨ વર્ષથી પૂજ્ય ગુરુદેવના સમાગમમાં હતા ને પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં તત્ત્વ સમજવાની જિજ્ઞાસાના કારણે પોતાના વૈભવશાળી કુટુંબથી દૂર એકલા સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવનો સતત લાભ લેતા હતા તેમને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે બહુ ભક્તિ અને ઉત્સાહ હતો ને દરેક શુભકાર્યમાં યથાશક્ય લાભ લેતા હતા. આત્મહિતની ઊંડી ભાવના પૂર્વક છેલ્લા વર્ષો વ્યતીત કર્યા હતાં.

* લાઠીવાળા તલકચંદ અમરચંદ ભાયાણીના ધર્મપત્ની નર્મદાબેન (૭૯) તા. ૧૯–૪–૭૬ના રોજ ચાર દિવસની બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લે સુધી શુદ્ધિ રહી હતી ને દેવ–ગુરુ–ધર્મનું સ્મરણ કરતાં કરતાં દેહ છોડયો હતો.

* ચૂડાનિવાસી શેઠશ્રી છોટાલાલ રાયચંદના ભાભી સવિતાબેન ભુદરભાઈ ખંધાર (૬૮) તા. ૨૮–૪–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વર્ષોથી સોનગઢ રહેતા હતા.

* જામનગરનિવાસી શ્રી જયસુખભાઈ વાધરના માતુશ્રી રતનબેન (૭૫) તા. ૫–૫–૭૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લે સુધી શુદ્ધિ રહી હતી ને દેવ–ગુરુ–ધર્મનું સ્મરણ કરતાં કરતાં દેહ છોડયો હતો. દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. આ વખતે પૂજ્ય ગુરુદેવ જામનગર પધારતાં તેઓશ્રીના દર્શનનો તેમને લાભ મળ્યો હતો.

* બોટાદનિવાસી દુધીબેન જેઠાલાલ સંઘવી તા. ૧૩–૫–૭૬ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૫૦ વર્ષથી પૂજ્ય ગુરુદેવના સમાગમમાં હતા. સોનગઢ લાભ લેવા વારંવાર આવતા હતા. તેઓને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ઘણી શ્રદ્ધા–ભક્તિ હતા.

દેવ–ગુરુ–ધર્મના પ્રતાપે સદ્ગત આત્માઓ આત્મકલ્યાણ સાધી અવિનાશી સુખને પામો.

---

આ લોકમાં રાજાઓને ત્યાં જે ઘડીના ઘંટા (સમયના ડંકા) વાગે છે ને શબ્દઅવાજ કરે છે તે સર્વના ક્ષણિકપણાને પ્રગટ કરે છે અથવા જગતને પોકારી પોકારીને કહે છે કે હે જગતના જીવો! જો પોતાનું કાંઈ પણ કલ્યાણ કરવા ઇચ્છતા હો તો શીઘ્ર જ કરી લ્યો, નહીં તો પસ્તાશો. કેમકે જે ઘડી વીતી ગઈ તે કોઈપણ પ્રકારે પાછી આવશે નહીં, એ પ્રકારે આગળની બીજી ઘડી પણ જો વ્યર્થ જ ખોઈ દેશો તો તે પણ ગયેલી ઘડી પાછી આવશે નહીં. (જ્ઞાનાર્ણવ)

---

## * નવા ગ્રાહકોને માટે લવાજમ રૂપિયા ૩/- *

આત્મધર્મના નવા ગ્રાહકોને આ વર્ષના લવાજમના રૂપિયા છ ના બદલે રૂપિયા ત્રણ મોકલવા વિનંતી છે, કેમકે આ વર્ષના કારતકથી ચૈત્ર માસ સુધીના આત્મધર્મના અંકો ખલાસ થઈ ગયા હોવાથી તેઓને ચાલુ માસના જ આત્મધર્મના અંકો મોકલી શકાશે.

---

[પાનું ૨૪ થી ચાલુ]

વર્ષીતપ કરે છે, બહારમાં આહાર ગ્રહણ ન કરવો એટલું ભગવાનનું અનુકરણ કરે છે, પરંતુ એકલું અનુકરણતો પેલા વાંદરાએ બળતણ ભેગું કર્યા સમાન ભગવાનનું આંધળું અનુકરણ છે. ચૈતન્યમાં લીનતારૂપ અગ્નિ પેટાવવાની વિધિથી અજાણ એવા તે જીવો માત્ર આંધળું અનુકરણ કરનાર છે. ચૈતન્યમાં લીનતારૂપ વિધિ જ મુખ્ય છે એ વિનાના બહારના આહાર ગ્રહણ નહિ કરવારૂપ ઉપવાસ એ તો વાંદરાની જેવું આંધળું અનુકરણ છે. જેમ ઠંડી ઉડાડવા માટે વાંદરાએ કરેલી બધી મહેનત નિષ્ફળ ગઈ, તેમ આત્મભાન વિના, બહારના ઉપવાસ એ તો લાંઘણ છે અથવા તો કાયકલેશ છે, જેનું ફળ માત્ર શરીરનું શોષણ છે. સાચા ઉપવાસમાં તો આત્મા પુષ્ટ થાય છે અને કષાયોનું શોષણ થાય, તે સાચા ઉપવાસ છે. સમજ્યા વિના વર્ષીતપરૂપ ભગવાનનું આંધળુ અનુકરણ કરવાથી આત્માને જરીયે લાભ નથી. માટે ભગવાનનું અનુકરણ કરતાં પહેલા ભગવાને જે વસ્તુસ્વરૂપ કહ્યું છે, તે સમજવું સૌ પ્રથમ જરૂરી છે; (પૂ. ગુરુદેવના એક પ્રવચનના આધારે)

## * સુગમ દ્રષ્ટાંત દ્વારા ગહન સિદ્ધાંતની સમજુતિ *

## * ભગવાનને નામે આંધળું અનુકરણ *

શિયાળાના દિવસો હતાં. શરીરને ધ્રુજાવે તેવી આકરી ઠંડી હતી. ઘરમાં પણ ઠંડી સહન ન થાય તો જંગલમાં તો ઠંડીનું પૂછવું જ શું? પાંચ–સાત ગોવાળીયા પોતાની ગાયો–ભેંશોને લઈને જંગલમાં ચરાવવા આવ્યા હતાં. વહેલી સવારનો વખત હતો. તેથી ઠંડીથી બચવા આજુબાજુમાંથી બળતણ ભેગું કરીને એક ઝાડની નીચે તે લોકો તાપણી કરવા બેઠા. અને સૌ તાપવા લાગ્યા. આ બધું ઝાડ પર બેઠેલો વાંદરો જોયા કરતો હતો; તેને પણ એમ થયું કે લાવને હું પણ આવું જ કરું, જેથી ઠંડી ન લાગે, તેણે પણ આજુબાજુમાંથી બળતણ ભેગું કરીને ઝાડ નીચે ઢગલો કર્યો. પણ હવે તેમાં અગ્નિ કેવી રીતે પેટાવવી તે માટે મુંઝવણ થઈ પડી. તેણે પેલા ભરવાડોનું અનુકરણ તો કર્યું. પણ અગ્નિ પેટાવવાની વિધિની તેને ખબર ન હતી. તેથી છેવટે જંગલમાંથી આગીયાને પકડી લાવીને બળતણના ઢગલાની અંદર મુક્યો પણ અગ્નિ કેમેય પ્રગટયો નહિ, આમ તેના આંધળા–અનુકરણથી તેની ઠંડી ઉડાડવાની બધી મહેનત નિષ્ફળ ગઈ.

પ્રથમ તીર્થંકર ઋષભનાથ ભગવાને દીક્ષા લીધા બાદ આત્માના ધ્યાનની એટલી ઉગ્રતા હતી કે, છ માસ સુધી તેમને આહાર લેવાની વૃત્તિ જ ઉઠી નહિ, આત્માના આનંદરસનું પાન કરતાં કરતાં છ – માસ ક્યાં ગયા તેની જ તેમને ખબર રહી નહિ. છ માસ બાદ શરીર–સ્વભાવ અનુસાર તેમને આહારની વૃત્તિ ઉઠવા લાગી, તેઓ આહાર અર્થે ગામમાં જવા પણ લાગ્યા. પણ ભગવાન જેવા ભગવાનને આહાર જેવી મામૂલી વસ્તુ કેમ અપાય! તેમ વિચારીને લોકો ઊંચીઊંચી વસ્તુઓ ભગવાનને ભેટ ધરવા લાગ્યા. આહારદાનની વિધિથી સૌ કોઈ અજાણ હતું. આથી બીજા છ માસ સુધી ભગવાનને આહારનો યોગ ન થયો. આમ આહાર વિના ૧૨ માસ વીતી ગયા. અને અંતે શ્રેયાંસકુમારને સ્વપ્ન આવ્યું, જાતિસ્મરણ જ્ઞાન થયું. અને આહારદાનની વિધિનું જ્ઞાન થયું. ભગવાનને તેમણે ઈક્ષુરસથી પારણું કરાવ્યું. આમ ભગવાનનો વરશી તપ પ્રસિદ્ધ થઈ ગયો. આત્માના આનંદમાં લીનતાથી, ભગવાનને આહારની વૃત્તિ જ ઉઠતી ન હતી. ભગવાને આહારને છોડયો ન હતો પરંતુ આત્મલીનતાને લઈને આહારની વૃત્તિ જ ઉઠતી ન હતી, તેનું નામ ઉપવાસ છે. આત્માના ભાન વગર માત્ર આહાર નહિ લેવાના ભાવને ભગવાન ઉપવાસ કહેતાં નથી, પરંતુ અણાહારી આત્મસ્વરૂપમાં લીનતા થતાં, આહાર–ગ્રહણનો ભાવ ન ઉઠવો તે ઉપવાસ છે આવું સાચા ઉપવાસનું સ્વરૂપ નહિ જાણનારા જીવો, ભગવાનના ઉપવાસનું આંધળું અનુકરણ કરી વર્તમાનમાં ઘણા ૧૨–૧૨ માસ સુધી એકાતરા ઉપવાસ કરીને [ અનુસંધાન પૃષ્ઠ ૨૩ ]

# ❁ જ્ઞા ન ગો ષ્ઠી ❁

[ રાજકોટની રાત્રિચર્ચામાંથી ]

* પ્રશ્નઃ– શાસ્ત્રાભ્યાસ આદિ કરવા છતાં તેનાથી સમ્યગ્દર્શન થતું નથી તો સમ્યગ્દર્શન માટે શું કરવું?

ઉત્તરઃ– ખરેખરી એક આત્માની જ રુચિપૂર્વક પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો, તે જ સમ્યગ્દર્શનનો ઉપાય છે. આત્માનો સાચો નિર્ણય કરનારને પહેલાં સાતતત્ત્વોનો સવિકલ્પ નિર્ણય આવે છે, શાસ્ત્રાભ્યાસ હોય છે, શાસ્ત્રાભ્યાસ ઠીક છે તેમ પણ વિકલ્પમાં હોય છે પણ તેનાથી ખરો નિર્ણય થતો નથી. વિકલ્પસહિત છે ત્યાંસુધી પરસન્મુખતા છે. પરસન્મુખતાથી સાચો નિર્ણય થતો નથી. સ્વસન્મુખ થતાં જ સાચો નિર્વિકલ્પ નિર્ણય થાય છે. સવિકલ્પદ્વારા નિર્વિકલ્પ થવાનું આવે છે છતાં સવિકલ્પતા તે નિવિર્કલ્પ થવાનું ખરું કારણ નથી. છતાં પહેલાં આવે છે તેથી સવિકલ્પદ્વારા એમ કહેવાય છે.

*પ્રશ્નઃ– આટલા બધા શાસ્ત્રો છે તેમાં સમ્યગ્દર્શન માટે વિશેષ નિમિત્તભૂત કયું શાસ્ત્ર?

ઉત્તરઃ– પોતે જ્યારે સ્વભાવને જોવામાં ઉગ્ર પુરુષાર્થ કરે ત્યારે તે વખતે જે શાસ્ત્ર નિમિત્ત હોય તેને નિમિત્ત કહેવાય. દ્રવ્યાનુયોગ હોય, કરણાનુયોગ હોય, ચરણાનુયોગનું શાસ્ત્ર હોય તે પણ નિમિત્ત કહેવાય. પ્રથમાનુયોગને પણ બોધિસમાધિનું નિમિત્ત કહ્યું છે.

* પ્રશ્નઃ– જે વ્યવહાર – નિશ્ચયને બતાવે તેનો કાંઈ ઉપકાર ખરો?

ઉત્તરઃ– ના, વ્યવહાર નિશ્ચય સુધી પહોંચાડતો નથી, તેનાથી કાંઈ કાર્યસિધ્ધિ થતી નથી. વ્યવહાર અનુસરવા લાયક નથી. દર્શન–જ્ઞાન–ચારિત્રનો ભેદ પાડીને સમજાવવો પડે છે. ને ભેદથી આત્મા સમજવો પડે છે એટલો વ્યવહાર હોય જ છે, તોપણ તે અનુસરવા લાયક ચીજ નથી. એક જ્ઞાયકને જ લક્ષમાં લેવા જેવો છે.

* પ્રશ્નઃ– પરસત્તાવલંબી જ્ઞાન છે તે શુદ્ધાત્માનો નિર્ણય કરે છે તે જ્ઞાન પણ નકામું છે?

ઉત્તરઃ– પરતરફના જ્ઞાનથી સવિકલ્પ નિર્ણય થાય છે તે ખરેખર શુદ્ધાત્માનો નિર્ણય નથી કહેવાતો. સ્વસન્મુખ ઢળીને નિર્વિકલ્પતામાં જે નિર્ણય થાય છે તે જ સાચો શુદ્ધાત્માનો નિર્ણય છે.

* પ્રશ્નઃ– જે સવિકલ્પ જ્ઞાન કાંઠા સુધી લઈ જાય તેને નકામુ કેમ કહેવાય ?

ઉત્તરઃ– સવિકલ્પ જ્ઞાનથી શુદ્ધાત્માનો સ્વાનુભવ થયો નથી. સ્વસન્મુખના જ્ઞાનથી શુદ્ધાત્માનો સ્વાનુભવ પૂર્વક નિર્ણય થાય છે.

* પ્રશ્નઃ– જેને સમ્યગ્દર્શન થવાનું જ છે એવા જીવની પૂર્વ ભૂમિકા કેવી હોય ?

ઉત્તરઃ– એ જીવને જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવો સવિકલ્પ નિર્ણય હોય છે પણ, સવિકલ્પથી નિર્વિકલ્પતા થાય જ એમ નથી. જેને થાય તેને પૂર્વના સવિકલ્પ નિર્ણયમાં ઉપચાર આવે છે.

* પ્રશ્નઃ– આના ઉપરથી એમ થાય છે કે સમ્યગ્દર્શન થવાને પાત્ર કોણ ?

ઉત્તરઃ– ઇ પાત્ર જ છે પણ પાત્ર નથી એમ મનાઈ જાય છે ને ! ઈ શલ્ય નડે છે.

* પ્રશ્નઃ– રાગને જીવ કરે છે, કર્મ કરે છે, અને જીવ તથા કર્મ ભેગા મળીને કરે છે તેમ કહેવામાં આવે છે તો આ ત્રણમાં ખરું શું સમજવું ?

ઉત્તરઃ– રાગ તે જીવના અપરાધથી થાય છે તેથી જીવ રાગનો કર્તા છે, પણ જીવ સ્વભાવમાં વિકાર થવાનો કોઈ ગુણ નથી તેથી દ્રવ્યદ્રષ્ટિ કરાવવા રાગનો કર્તા–કર્મ છે. કર્મ વ્યાપક થઈને રાગને કરે છે તેમ કહેવામાં આવે છે અને પ્રમાણનું જ્ઞાન કરાવવું હોય ત્યારે જીવ અને કર્મ બન્ને ભેગા મળીને રાગને કરે છે. જેમ માતા અને પિતા બન્નેનો પુત્ર કહેવાય છે તેમ કહેવામાં આવે છે.

* પ્રશ્નઃ– અનુભૂતિમાં ને જ્ઞાનમાં ફેર શું છે ?

ઉત્તરઃ– જ્ઞાનમાં તો આખો આત્મા જણાય છે અને અનુભૂતિમાં તો પર્યાયનું જ વેદન આવે છે, દ્રવ્યનું વેદન થતું નથી.

* પ્રશ્નઃ– સમ્યગ્દ્રષ્ટિ સ્વર્ગમાંથી આવે છે ત્યારે માતાના પેટમાં નવ માસમાં નિર્વિકલ્પ ઉપયોગ અવતો હશે કે કેમ ?

ઉત્તરઃ– એ વાત ખ્યાલમાં છે પણ શાસ્ત્ર આધાર કોઈ આવતો નથી.

* પ્રશ્નઃ– નવ માસમાં અનુભવતો આવે ને ?

ઉત્તરઃ– નવ માસમાં અનુભવ આવે એવો કોઈ આધાર મગજમાં આવતો નથી. વિચાર તો ઘણા આવે પણ શાસ્ત્ર આધાર મળવો જોઈએ ને !

ભગવાન આત્મા જ્ઞાયક જયોત છે તે વિકારનો કર્તા નથી, વિકારનો કર્તા મિથ્યાત્વ અવિરતિ કષાય અને યોગ તે ચાર પ્રકારના કર્મો અને તેમના ૧૩ પ્રકારના પ્રત્યયો

તે ગુણસ્થાન કર્તા છે. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, તે વિકારનો કર્તા નથી.

* પ્રશ્નઃ– જ્ઞાનીને શરીર જેમ ભિન્ન દેખાય છે તેમ રાગાદિ ભિન્ન દેખાય છે?

ઉત્તરઃ– જ્ઞાનીને રાગાદિ શરીરની જેમ જ ભિન્ન દેખાય છે, અત્યંત ભિન્ન દેખાય છે.

* પ્રશ્નઃ– કર્તા–કર્મ અધિકારમાં વિકારને પુદ્ગલ સાથે વ્યાપ્ય–વ્યાપક કહ્યું છે?

ઉત્તરઃ– સ્વભાવદ્રષ્ટિથી જોઈએ તો વિકારનું કારણ સ્વભાવ છે જ નહિ, તેથી વિકારનું નિમિત્ત જે કર્મ છે તેની સાથે વિકારને વ્યાપ્ય–વ્યાપક ગણવામાં આવે છે.

* પ્રશ્નઃ– જ્ઞાની દ્રવ્ય–ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ એટલો જ આત્મ માને છે?

ઉત્તરઃ– જ્ઞાની શ્રદ્ધાની અપેક્ષાએ એમ માને છે તોપણ જ્ઞાનની અપેક્ષાથી જોતા રાગનો કર્તારૂપ પરિણમનાર જીવ પોતે છે તેમ જ્ઞાની જાણે છે.

* સ્ફટિકમણીમાં જે લાલ પીળી આદિ ઝાંય થાય છે તે તેની યોગ્યતાથી થાય છે, તોપણ સ્ફૂટિકમણીના મૂળ સ્વભાવથી જોઈએ તો એ રંગ ઉપાધિરૂપ છે, મૂળ સ્વભાવ નથી. તેમ જીવમાં પર્યાયદ્રષ્ટિથી જોઈએ તો વિકાર તેનો પર્યાયની યોગ્યતારૂપ ધર્મ છે પણ દ્રવ્યાર્થિકનયથી જોઈએ તો તે વિકાર તેનો મૂળ સ્વભાવ નથી.

* પ્રશ્નઃ– રાજમલ્લજી કાળલબ્ધિને જ્યાં હોય ત્યાં કેમ નાખે છે?

ઉત્તરઃ– પાંચે સમવાય સાથે જ છે, રાજમલ્લજીએ કાળલબ્ધિ સિદ્ધ કરવી છે. હું તો પહેલેથી જ કહું છું કે જે કાળે જે થવાનું હોય તે જ થાય. એનું જ્ઞાન થાય કોને? કે જે સ્વભાવની દ્રષ્ટિ કરે તેને કાળલબ્ધિનું સાચું જ્ઞાન થાય છે.

* પ્રશ્નઃ– ધ્યાન પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કેમ કહી છે?

ઉત્તરઃ– સમયસાર ગા. ૩૨૦માં (જયસેન આચાર્યે) ધ્યાનને કથંચિત ભિન્ન કહ્યું છે. તેનો અર્થ પરની અપેક્ષાએ ધ્યાન પર્યાય તે પોતાની છે તેથી અભિન્ન છે અને શાશ્વત ધ્રુવ દ્રવ્યની અપેક્ષાથી ધ્યાન પર્યાય વિનશ્વર હોવાથી પર્યાયને ભિન્ન કહી છે. ખરેખર તો દ્રવ્ય ને પર્યાય બન્ને ભિન્ન છે.

* પ્રશ્નઃ– સમ્યગ્જ્ઞાન પ્રગટ કરવા માટે શું કરવું જોઈએ?

ઉત્તરઃ– ચૈતન્ય સામાન્યદ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરવી જોઈએ અને તે પહેલાં સાત તત્ત્વનું સ્વરૂપ એના ખ્યાલમાં આવવું જોઈએ. વિકલ્પ સહિત સાત તત્ત્વોનો નિર્ણય થવો જોઈએ.

* પ્રશ્નઃ– કેટલો અભ્યાસ કરે તો સમ્યગ્દર્શન પામી શકાય?

ઉત્તરઃ– ૧૧ અંગનો ઉઘાડ થઈ જાય એટલી મંદતા અભવીને થાય છે. ૧૧ અંગનું જ્ઞાન ભણ્યાવીના ક્ષયોપશમ ઉઘડી જાય છે, વિભંગજ્ઞાન પણ થઈ જાય છે તે સાત દ્વીપ સમદ્રને પ્રત્યક્ષ દેખે છે છતાં આ બધું જ્ઞાન થવું તે સમ્યગ્દર્શનનું કારણ નથી.

* પ્રશ્નઃ– ૧૧ અંગવાળાને પણ સમ્યગ્દર્શન થતું નથી તો આત્માની રુચિ વિના આટલું બધું જ્ઞાન થાય?

ઉત્તરઃ– જ્ઞાનનો ઉઘાડ થવો તે મંદ કષાયનું કાર્ય છે, આત્માની રૂચિનું કાર્ય નથી. જેને આત્માની ખરેખરી રૂચિ થાય તેને જ્ઞાન અલ્પ હોય તોપણ રૂચિના બળે સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન માટે ઉઘાડ જ્ઞાનની જરૂર નથી પણ આત્માની રૂચિની જ જરૂર છે.

* પ્રશ્નઃ– દ્રવ્યમાંથી પર્યાય ઉત્પન્ન થાય છે, પર્યાય વ્યય થઈ ને દ્રવ્યમાં ભળી જાય છે તો દ્રવ્ય–ધ્રુવ ટંકોત્કીર્ણ તો ન રહ્યું?

ઉત્તરઃ– પર્યાય દ્રવ્યમાંથી ઉત્પન્ન થાય છે ને પર્યાય વ્યય થઈને દ્રવ્યમાં ભળે છે એ પર્યાયર્થિકનયથી કહ્યું છે. દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય તો ધ્રુવ ટંકોત્કીર્ણ કુટસ્થ છે.

* પ્રશ્નઃ– દ્રવ્યથી પર્યાય ભિન્ન છે તો પર્યાય ક્યાંથી આવે છે?

ઉત્તરઃ– પર્યાય આવે છે તો દ્રવ્યમાંથી અદ્ધરથી નથી આવતી પણ જ્યારે પર્યાયને સતરૂપે સ્વતંત્ર સિદ્ધ કરવી હોય ત્યારે પર્યાય પર્યાયથી જ છે. દ્રવ્યથી પર્યાય હોય તો દ્રવ્ય એક રૂપ રહે છે અને પર્યાય અનેકરૂપ થાય છે. દ્રવ્યની જેવી એકરૂપ જ થવી જોઈએ પણ તેમ નથી. દ્રવ્ય સત છે તેમ પર્યાય પણ સત છે, સ્વતંત્ર છે તે અપેક્ષાથી દ્રવ્યથી પર્યાયને ભિન્ન કહેવાય છે.

* પ્રશ્નઃ– દેહ–દેવળમાં ભગવાન આત્મા સર્વકાળે પ્રત્યક્ષ છે તો અત્યારે કેમ દેખાતો નથી?

ઉત્તરઃ– એ શક્તિ અપેક્ષા એ પ્રત્યક્ષ છે, જેની દ્રષ્ટિ એના ઉપર જાય એને પ્રત્યક્ષ છે ત્રણે કાળે નિર્મળ છે ત્રણે કાળે પ્રત્યક્ષ છે, એના સ્વરૂપમાં દયા–દાન આદિના રાગ નથી જે પ્રત્યક્ષ કરવા માગે છે તેને પ્રત્યક્ષ છે જે વર્તમાન જ્ઞાનનો અંશ છે તેને ત્રિકાળી તરફ વાળતા પ્રત્યક્ષ છે.

* પ્રશ્નઃ– જીવને હર્ષ–અહર્ષ આદિના સ્થાનો નથી તો તે કોના છે?

ઉત્તરઃ– જીવના મૂળ સ્વભાવમાં વિકાર નથી તેથી વિકારના સ્થાનોને પુદ્ગલ કર્મના કહેવામાં આવે છે.

* પ્રશ્નઃ– દ્રવ્ય અને પર્યાય બે ધર્મને જુદા બતાવવાનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ– બે ધર્મ ભિન્ન છે તેની પ્રસિધ્ધિ કરવાનું પ્રયોજન છે. પર્યાય એક સમયની છે અને તેની પાછળ ધ્રુવદળ તો ત્રિકાળ એવું ને એવું રહ્યું છે એને જ્ઞેય બનાવવું જોઈએ.

* પ્રશ્નઃ– નિશ્ચયવડે વ્યવહારનો નિષેધ થાય છે એટલે વ્યવહાર નિષેધ છે એમ કરીને વ્યવહાર છોડી દે અને નિશ્ચય આવે નહીં તો ?

ઉત્તરઃ– આ બાજુ અંદરમાં ઢળે છે એટલે વ્યવહાર હેય થઈ જાય છે હેય કરું–કરું એમ કરે એ તો વિકલ્પ છે. નિશ્ચયમાં ઢળતા વ્યવહારમાં હેય રૂપ થઈ જાય છે નિષેધ સહજ થાય છે.

* પ્રશ્નઃ– નિશ્ચયનય કેટલા પ્રકારના કહેવાય છે ?

ઉત્તરઃ– ખરેખર તો ત્રિકાળી દ્રવ્ય તે જ નિશ્ચય છે, રાગને જ્યારે વ્યવહાર કહેવો હોય ત્યારે નિર્મળ પર્યાયને તેનાથી ભિન્ન બતાવી તેને નિશ્ચય કહેવાય છે. કર્મને વ્યવહાર કહેવો હોય ત્યારે રાગને નિશ્ચય કહેવાય. અનુભૂતિની પર્યાય તે વ્યવહાર છે, છતાં દ્રવ્ય તરફ ઢળી છે તેથી તેને નિશ્ચય કહીને અનુભૂતિને જ આત્મા કહ્યો છે –એમ અપેક્ષાથી નિશ્ચયનયના ઘણા પ્રકાર પડે છે.

* પ્રશ્નઃ– આપશ્રીએ બતાવેલ આત્માનું મહાત્મ્ય આવવા છતાં કાર્ય કેમ આવતું નથી ?

ઉત્તરઃ– અંદરથી જે અપૂર્વ મહાત્મ્ય આવવું જોઈએ તે આવતું નથી, એકદમ ઉલ્લસીત થઈને અંદરથી જે મહિમા–મહાત્મ્ય આવવું જોઈએ તે આવતું નથી... ભલે ધારણામાં મહાત્મ્ય આવતું હોય.

* પ્રશ્નઃ– ખરેખર મહાત્મ્ય લાવવા શું કરવું ?

ઉત્તરઃ– એક આત્માની જ ખરેખર અંદરથી રુચિ જાગે, ને ભવના ભાવોમાં થાક લાગે તો આત્માનું અંદરથી મહાત્મ્ય આવ્યા વિના રહે જ નહીં, જેને ખરેખર આત્મા જોઈએ છે તેને આત્મા મળે જ છે. શ્રીમદે પણ કહ્યું છે કે છૂટવાનો કામી બંધાતો નથી.

* પ્રશ્નઃ– ચારિત્રનું કારણ દર્શન જ્ઞાન કહ્યું છે તો દર્શન જ્ઞાનનું કારણ કોણ ?

ઉત્તરઃ– દર્શન જ્ઞાનનું કારણ ત્રિકાળી આત્મદ્રવ્ય છે.

* પ્રશ્નઃ– ભગવાને કહેલા વ્યવહારનું પાલન કરવા છતાં અભવીને આત્માનું આલંબન જ નથી ? અને તિર્યંચસમ્યગ્દ્રષ્ટિને વ્યવહાર નથી છતાં આત્માનું આલંબન છે ?

ઉત્તરઃ– હા. અહીં ખૂબી તો એ છે કે વ્યવહાર પણ ભગવાન જિનેન્દ્રે જોયો છે અને તેમણે કહ્યો છે તેવા વ્યવહારનું પાલન કરવા છતાં આત્માનો આશ્રય લેતો નથી તેને નિશ્ચય

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ થતા નથી. બીજાએ કહેલા વ્યવહારની તો વાત નથી, સર્વજ્ઞ ભગવાને કહેલા વ્યવહારનો પણ નિશ્ચયમાં નિષેધ થાય છે.

* પ્રશ્નઃ– છદ્રવ્ય સ્વરૂપ લોક તે જ્ઞેય છે. પંચપરમેષ્ઠી ભગવાન પણ જ્ઞેયમાં આવી જાય છે તેથી જાણવા લાયક છે તેમ કહ્યું તો અમારે ભગવાનની ભક્તિ કરવી કે ન કરવી ?

ઉત્તરઃ– ભક્તિ કરવા ન કરવાની વાત નથી પણ ભક્તિનો ભાવ તે જ્ઞેય હોવાથી જાણવા લાયક છે તેમ કહ્યું છે. સમયસાર ગા. ૧૧ માં એમ કહ્યું કે ભૂતાર્થ પ્રભુનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય છે. ત્રિકાળીનો આશ્રય લઈને જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ તેને પણ ત્રિકાળીથી ભિન્ન કહી છે ને ૧૨ મી ગાથામાં કહ્યું કે સાધક થયો તેને શુદ્ધતાના અંશો થોડા થયા છે. અશુદ્ધતાના અંશો છે તેનું શું ? તો કહે છે કે એ શુદ્ધ–અશુદ્ધ પર્યાય અંશો છે તે જાણવા લાયક છે.

* પ્રશ્નઃ– ધર્મ, અર્થ, કામ ને મોક્ષ તે દેવ આપે છે. જેની પાસે જે હોય તે આપે તો તે કેવી રીતે ?

ઉત્તરઃ– એ તો નિમિત્તથી વ્યવહારનું કથન છે, દેવ તરફના વલણવાળા શુદ્ધતાને પ્રગટે છે અને સાથે પુણ્ય બંધાય છે તેના ફળમાં કામ અને અર્થ મળે છે.

* પ્રશ્નઃ– આ તો સારૂં ! ભગવાન પાસેથી બધુ મળે છે ?

ઉત્તરઃ– જેને કામ અને અર્થની સ્પૃહા છે, ભાવના છે તેને મળતું નથી પણ જેને આત્માના હિતની ભાવના છે તેને સાથે પુણ્ય બંધાય છે ને તેનું ફળ મળે છે એ વાત સમજાવી છે.

* પ્રશ્નઃ– સમ્યગ્દર્શનનું સ્વભાવભૂત લક્ષણ શું ?

ઉત્તરઃ– અનુભૂતિને લક્ષણ કહ્યું છે પણ ખરેખર તો તે જ્ઞાનની પર્યાય છે. ખરું લક્ષણ તો પ્રતીતિ જ છે. એકલા આત્માની પ્રતીતિ તે શ્રદ્ધાનનું લક્ષણ છે.

* પ્રશ્નઃ– સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે ?

ઉત્તરઃ– સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થતો નથી પણ કહેવાય ખરૂં કેમકે વિકલ્પને છોડીને નિર્વિકલ્પમાં જાય તે બતાવવા સવિકલ્પ દ્વારા એમ કહેવાય છે. રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં રોમાંચ ખડા થાય છે તેમ આવે છે, એટલે કે વીર્ય અંદર જવા ઉછળે છે તે બતાવવું છે.

* પ્રશ્નઃ– જિનવાણી સાંભળવાથી સમજણ થાય અને સાંભળતા પુણ્ય બંધાય તેનાથી પૈસા પણ મળે એ તો બન્ને રીતે લાભ ?

ઉત્તરઃ– સાંભળવાથી સમજણ ન થાય, પુણ્ય જ થાય.

* પ્રશ્નઃ– સાંભળવાથી થોડી થોડી સમજણ તો થાય છે?

ઉત્તરઃ– એ સમજણ તે ખરી સમજણ નથી, ખરી સમજણ તો સ્વસન્મુખ જાય ત્યારે ખરી સમજણ થઈ કહેવાય.

* પ્રશ્નઃ– જ્ઞાનમાં ધારણારૂપ સમજણ તો થાય છે?

ઉત્તરઃ– ધારણારૂપ સમજણ થાય, પણ ખરી સમજણ તો સીધો સ્વસન્મુખ અંતરમાં જાય ત્યારે થાય છે. ભગવાન આત્માને રાગથી લાભ માનવો તે કલંક છે.

* પ્રશ્નઃ– ઉપયોગમાં ઉપયોગ છે એટલે શું?

ઉત્તરઃ– ઉપયોગમાં ઉપયોગ એટલે સમ્યગ્દર્શનની નિર્વિકલ્પ પરિણતિમાં ઉપયોગ એટલે ત્રિકાળી આત્મા આવે છે, જણાય છે. આત્મા તો આત્મારૂપે ઉદાસીનરૂપે પડયો જ છે પણ નિર્વિકલ્પ થતા શુદ્ધોપયોગમાં ત્રિકાળી ઉપયોગસ્વરૂપ આત્મા જણાય છે.

* પ્રશ્નઃ– મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં સમ્યગ્દર્શન થાય છે તો સમ્યગ્દર્શન ક્યારે થાય છે?

ઉત્તરઃ– મતિજ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન થાય છે તોપણ મતિજ્ઞાન વખતે આનંદનું વેદન નથી. શ્રુતજ્ઞાનમાં આનંદનું વેદન આવે છે એટલે શ્રુતજ્ઞાનમાં સમ્યગ્દર્શનનો આનંદ આવે છે છતાં મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાનમાં સમ્યગ્દર્શન થાય છે તેમ કહેવાય છે.

* પ્રશ્નઃ– દ્રષ્ટિને સ્થિર કરવા માટે સામી વસ્તુ સ્થિર જોઈએ, પણ દ્રષ્ટિ તો પલટતી રહે છે તે કેવી રીતે સ્થિર થાય?

ઉત્તરઃ– સામી વસ્તુ સ્થિર (ધ્રુવ) હોય તો તેના ઉપર નજર નાખતા નજર સ્થિર થાય છે.

* પ્રશ્નઃ– નજર તો પલટતી છે તે સ્થિર રહી શકતી નથી?

ઉત્તરઃ– ભલે નજર (દ્રષ્ટિની પર્યાય) સ્થિર ન રહી શકે, તોપણ ધ્રુવ ઉપર નજર એકાગ્રતા કરે છે તેથી વસ્તુ આખી નજરમાં આવી જાય છે, આખું આત્મદ્રવ્ય નજરમાં જણાય જાય છે.

* મૂળ વાત એ છે કે અંદરમાં જે આશ્ચર્યકારી આત્મવસ્તુ છે એ વસ્તુસ્વભાવનો એને અંદરથી મહિમા નથી આવતો, દ્રવ્યલિંગી સાધુ થયો છતાં અંદરથી મહિમા આવતો નથી, પર્યાય પાછળ આખો ધ્રુવ મહાપ્રભુ પડયો છે એનો મહિમા આવે. આશ્ચર્ય ભાસે તો કાર્ય થાય જ. અનંત અનંત આનંદનું ધામ છે તે એને વિશ્વાસમાં આવવું જોઈએ, વિશ્વાસે વહાણ ચાલે છે ને દરિયો તરી જાય છે તેમ અંદરમાં આત્માની પ્રભુતાનો વિશ્વાસ આવે તો કાર્ય થાય જ.

* જેણે જીવતી જ્યોત એવા ચૈતન્યનો અનાદર કરીને રાગને પોતાનો માન્યો છે, રાગ તે હું છું તેમ માન્યું છે, તેણે પોતાના આત્માનો જ ઘાત કર્યો. જેનાથી લાભ માને તેને પોતાનો માન્યા વિના તેનાથી લાભ માની શકે નહિ. તેથી રાગથી લાભ માનનાર પોતાનો જ ઘાત કરતો હોવાથી દુરાત્મા છે, આત્માનો અનાદર કરનાર છે, આત્માનો તિરસ્કાર કરનાર છે, અવિવેકી મિથ્યાદ્રષ્ટિ છે.

* પ્રશ્નઃ– દ્રવ્ય શુદ્ધ છે, ગુણો શુદ્ધ છે, અને પર્યાયમાં અશુદ્ધતા છે તે કર્મના લઈને થતી નથી તો અશુદ્ધતા આવી ક્યાંથી?

ઉત્તરઃ– દ્રવ્ય–ગુણ ત્રિકાળ શુદ્ધ જ છે અને પર્યાયમાં વિકાર થાય છે તે પર્યાયની તે સમયની યોગ્યતાથી ક્ષણિક વિકાર થાય છે, કર્મથી વિકાર થતો નથી. કર્મનું નિમિત્તનું લક્ષ કરીને તે સમયની યોગ્યતાથી જ વિકાર થાય છે. પંચાસ્તિકાયની ૬૨ મી ગાથામાં વિકારને પરકારકની અપેક્ષા જ નથી તેમ કહ્યું છે, કેમ કે વિકાર પણ તે સમયનું સ્વતંત્ર પરિણમન છે.

* પ્રશ્નઃ– ગોમ્મટસારમાં કર્મને લઈને વિકાર થાય છે તેમ કહ્યું છે ને?

ઉત્તરઃ– વિકારી અવસ્થા થાય છે તે પર્યાયની યોગ્યતાના સ્વકાળથી થાય છે, કર્મના લઈને થતી નથી. પણ નિમિત્તને આધીન થઈને વિકાર થાય છે તેથી ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવવા કર્મને લઈને થાય છે તેમ કહ્યું છે. સમયસારમાં પણ વિકારનો કર્તા પુદ્ગલ કર્મને કહ્યું છે. ત્યાં દ્રષ્ટિનું દ્રવ્ય ઉપર જોર વર્તે છે તે બતાવવા વિકારરૂપે આત્મા થતો નથી તેમ બતાવીને જે અલ્પ વિકાર છે તેનો કર્તા પુદ્ગલ કર્મ છે તેમ કહેવામાં આવ્યું છે. પ્રવચનસારમાં વિકારનો કર્તા જીવ છે તેમ કહ્યું છે. ત્યાં એ વિકારી પરિણમન કર્મનું નથી પણ જીવનું જ છે તેમ બતાવવું છે. જ્યાં જે અપેક્ષાથી કહ્યું હોય ત્યાં તે અપેક્ષા બરાબર સમજવી જોઈએ. તો જ વસ્તુનું સ્વરૂપ જેમ છે તેથી સમજવામાં આવી શકે.

* રાગથી ભિન્ન પડી શુદ્ધ આત્માનું જ્ઞાન કરવું એ સમ્યગ્દર્શન છે. પૂજા, ભક્તિ, યાત્રા આદિ તો અનંતવાર કર્યાં, પણ આત્માના સમ્યગ્જ્ઞાન વિના ભવના અંત ન આવ્યા, ભવના અભાવ કરવાની મોસમનો આ સમય છે. નિયમસારમાં દિવ્યધ્વનિને સકલ જનતાના શ્રવણના સૌભાગ્યનું કારણ કહ્યું છે ને! આવી પરમ અધ્યાત્મની ગંભીર વાતો એ તો હીરા–માણેકના હારડા છે, એના મૂલ્ય શા?

*******




માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈના સુહસ્તે દાદર માટે પૂજ્ય ગુરુદેવને લખાયેલ નિમંત્રણ-પત્રિકા અમદાવાદમાં પૂજ્ય ગુરુદેવને અર્પણ કરી રહેલા શ્રી લાલચંદભાઈ મોદી

* * *



વૈશાખ સુદ ત્રીજના દિવસે દાદાર મુમુક્ષુ મંડળ દ્વારા સમર્પિત અભિનંદન-પત્ર સાથે ગંભીર મુખમુદ્રામાં ધર્મરત્ન ભગવતી પૂજ્ય બેનશ્રી ચંપાબેન.



ભગવાન સીમંધરદેવના મુખારવિંદથી નીકળેલી, સકળ જનતાને શ્રવણના સૌભાગ્યરૂપ, અનક્ષરાત્મક દિવ્યધ્વનિના સંદેશનું ભારતના ભવ્ય જીવોને શ્રવણામૃત પાન કરાવનાર પૂજ્ય ગુરુદેવશ્રીની ૮૭ મી જન્મ-જયંતી પ્રસંગે તેઓશ્રીની શતાધિક જન્મ-જયંતી ઉજવવાનું સૌભાગ્ય પામવાની મંગલ કામના અભિવ્યક્ત કરી રહેલાં પ્રમુખશ્રી નવનીતલાલ ચુનિલાલ ઝવેરી.

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૨, વૈશાખ ( લવાજમઃ છ રૂપિયા ) વર્ષ ૩૩ઃ અંક ૭

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) વૈશાખ
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રત ૩૩૫૦